RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 174* Date: 22.04.2022 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ગુજરાતમાં વાતાવરણમાં પલટો

## ખેડા અને વલસાડમાં કમોસમી વરસાદી ઝાપટાં, અમરેલીમાં વીજળી પડતાં એકનું મોત

### આણંદ, ભરૂચ, અને ભાવનગરમાં વાદળો છવાતાં ખેડૂતો ચિંતિત બન્યા

ગાંધીનગર,તા.૨૧

ગુજરાતમાં આગામી ચોવીસ કલાક દરમિયાન છૂટાછવાયા કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજે સવારે ખેડા અને વલસાડ જિલ્લામાં હળવાં વરસાદી ઝાપટાં વરસ્યાં હતાં. તો ખેડા, ભાવનગર અને આણંદ જિલ્લામાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. કમોસમી વરસાદના કારણે કેરીના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

વલસાડ જિલ્લામાં વહેલી સવારથી વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. જિલ્લામાં સવારથી વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા વિસ્તારમાં છૂટોછવાયા કમોસમી વરસાદી છાંટા પડતાં કેરીના પાક પર નભતા ખેડૂતોમાં ચિંતાનો વિષય બન્યો હતો. વલસાડ જિલ્લા અને આજુબાજુના વિસ્તારોમાં વાદળછાયા હવામાનને લઈને કેરીના પાક પર નભતા ખેડૂતોમાં ભારે ચિંતાનો વિષય બન્યો હતો. વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુર તાલુકામાં કમોસમી વરસાદ પડ્યો હતો. એને લઈને આંબાવાડીમાં તૈયાર થતી પહેલા ફાલની કેરીઓમાં નુકસાનીની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે.

ખેડા જિલ્લામાં છેલ્લા બે દિવસથી વાતાવરણનો મિજાજ બદલાયો






છે. ગઈકાલે બુધવારે બપોર બાદ આકાશમાં વાદળો છવાતા ખેડૂતોમાં ચિંતા પ્રસરી ગઇ હતી. તો બીજા દિવસે વહેલી પરોઢિયે જિલ્લાના અમુક સ્થળો ઉપર છુટો-છવાયા જગ્યાએ માવઠું થતાં ખેડૂતોના જીવ અદ્ધર થયા છે. રોડ ભીંજવે તેવો સામાન્ય વરસાદથી પાકમાં રોગચાળો થાય તેવી દહેશત ખેડૂતોને સતાવી રહી છે. આવા વાતાવરણને કારણે ઉનાળુ પાકને માઠી અસર પહોંચશે તેમ ખેડૂતો જણાવી રહ્યા છે. ઠાસરા, ડાકોર તેમજ અન્ય વિસ્તારોમાં સામાન્ય વરસાદ પડ્યો હતો. ઉનાળામાં વરસાદી છાંટાના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. જો કે આવા વાતાવરણના કારણે બાફ અને અસહ્ય ઉકળાટથી જિલ્લાવાસીઓ ત્રસ્ત બન્યા છે.હવામાન વિભાગની અગાહીને લઈને અમરેલી જિલ્લાના દરિયાઈ કાંઠે વીજળીના કડાકા ભડાકા જોવા મળ્યા હતા. વરસાદ આવ્યો નહીં પરંતુ ગાજ્યો વધારે. ત્યારે રાજુલા નજીક આવેલા પીપાવાવ પોર્ટ ફોરવે માર્ગ પર લોજીક પાર્ક આવેલું છે. ત્યાં નજીક આવેલી પાણીની ખાડી આવેલી છે, તેમાં માછીમારી કરી રહેલા ૩૫ વર્ષીય ભરતભાઇ સોલંકી નામના માછીમાર પર વીજળી પડતાં તેમનું ઘટના સ્થળે મોત થયું હતું. જિલ્લામાં ગઇકાલ સવારથી વાતાવરણમાં પલટા સાથે બપોર બાદ કેટલાક વિસ્તારમાં વરસાદી છાંટા પડ્યાં હતા.અમરેલી શહેરમાં મધરાતે વરસાદી ઝાપટા પડ્યા હતા. જ્યારે દરિયાઈ બેલ્ટ રાજુલા શિયાળ બેટ અને પીપાવાવ વિસ્તારમાં વહેલી સવારે વીજળીના કડાકા ભડાકા આકાશમાં જોવા મળ્યા હતા.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પગલે રાજ્યના વાતાવરણમાં ભર ઉનાળે પલ્ટો આવ્યો છે અને ૨૦-૨૧ એપ્રિલે રાજ્ય ના અલગ અલગ વિસ્તારોમાં છુટાછવાયા વરસાદ કે છાંટા પડી રહ્યા છે, જે અન્વયે આજે સવારથી જ ભાવનગર શહેર-જિલ્લામાં વાતાવરણ માં પલ્ટો આવ્યો છે આકાશ વાદળો આચ્છાદિત બનવા સાથે ધૂળીયુ વાતાવરણ સર્જાયું છે શહેર-જિલ્લામાં હળવા ઝાંપટા વરસે તેવી શક્યતા છે, ત્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં ઝરમર છાંટા પડ્યાં હોવાનાં વાવડ સાંપડી રહ્યાં છે વાતાવરણ માં આવેલ પલ્ટાને પગલે ફરી એકવાર ખેડૂતાના જીવ પડીકે બંધાયા છે કારણકે કેરી સહિતનાં બાગાયત પાક ઉપરાંત ઉનાળુ મોલાત પશુચારો સાથે શાકભાજીની તૈયાર ફસલને આ માવઠા અગર પલ્ટાયેલ હવામાનની વ્યાપક પ્રમાણમાં અસરો થવાની સંભાવના છે, એ ઉપરાંત જો વરસાદ થાય તો ખેત ફસલોને ભારે નુકસાન થશે, એજ રીતે પશુચારાનો મોટો જથ્થો પણ ખુલ્લા વાડી-ખેતરોમાં પડ્યો હોય જો સાધારણ વરસાદ કે છાંટા પડે તો પણ આ પશુચારાને નુકશાન થશે અને આજ સવારથી જ વાદળો છવાયા હોય જેને પગલે લોકો ને બળબળતા તાપથી મુક્તિ ચોક્કસ મળી છે પરંતુ એ ભેજનું પ્રમાણ વધતા બફારો અસહ્ય થઈ રહ્યો છે.

દાહોદ શહેર સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં આજરોજ વહેલી સવારથીજ વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો. જેને પગલે વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડક પ્રસરી હતી.જો કે બપોરે ચોમાસા જેવો બફારો અનુભવાયો હતો. વહેલી સવારથી જ દાહોદ શહેર સહિત જિલ્લાના ગરબાડા, લીમખેડા, દેવગઢ બારીઆ, ઝાલોદ, ફતેપુરા, સંજેલી જેવા તાલુકાઓ અને ગ્રામ્ય વિસ્તારામાં વાદળછાયુ વાતાવરણ સર્જાયુ હતું. ઘણા સ્થળોએ અમી છાંટા પણ પડ્યાં હતાં. આજના વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીથી લોકોને રાહત મળી હતી. અસહ્ય ગરમી તેમજ તાપના પ્રકોપે લોકો છેલ્લા કેટલાંય દિવસોથી ત્રાહિમામ્? પોકારી ઉઠ્યાં હતાં ત્યારે આજના વાતાવારણને પગલે લોકોને ગરમીથી રાહત મળી હતી. અગાઉ હવામાન વિભાગ દ્વારા વરસાદ તેમજ વાવાઝોડાની આગાહી પણ આપવામાં આવી હતી. જેને પગલે આ અસર દાહોદ જિલ્લામાં પણ જોવા મળી હતી. આખો દિવસ વાદળછાયું વાતાવરણ રહેતા લોકોને ગરમીથી આંશિક રાહત મળી હતી.

## જમ્મુ કાશ્મીરમાં શાંતિ ખરીદીશું નહીં પરંતુ સ્થાપિત કરીશું : એલજી મનોજ સિન્હા

શ્રીનગર,તા.૨૧

કાશ્મીર ઘાટીમાં સતત થઇ રહેલ આતંકી ઘટનાઓની વચ્ચે ઉપરાજયપાલ મનોજ સિન્હાએ કહ્યું કે સરકાર જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા માટે પ્રતિબધ્ધ છે.

તેને જુનીની પ્રથા અનુસાર ખરીદવામાં આવશે નહીં પરંતુ સ્થાપિત કરવામાં આવશે.સુરક્ષા દળોને આતંકવાદીઓની વિરૂધ્ધ ખુલી છુટ આપવામાં આવી છે.આતંકી તંત્રને પુરી રીતે નષ્ટ કરવામાં આવશે

વડાપ્રધાનની ૨૪ એપ્રિલે સાંબાના પલ્લી ગામમાં આયોજીત રેલીના સ્થાનનો પ્રવાસ કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં એલજીએ કહ્યું કે સુરક્ષા દળોએ જમ્મુ કાશ્મીરમાં આતંકવાદનો મુકાબલો કરવામાં સરસાઇ હાંસલ કરી છે અને કેન્દ્ર શાશિત પ્રદેશમાં આતંકી તંત્રને નષ્ટ કરવા માટે કામ કરી રહ્યાં છે.

આતંકવાદીઓ દ્વારા પસંદગીની હત્યાઓથી કાશ્મીરમાં ભયનું વાતાવરણ ઉભુ કરવાની બાબતમાં પુછવા પર તેમણે કહ્યું કે અમારા પ્રશાસનનો ઈરાદો સ્પષ્ટ છે કે શાંતિ ખરીદવામાં આવશે નહીં તેને સ્થાપિત કરવામાં આવે તે યુગ પુરો થયો જયારે જમ્મુ કાશ્મીરમાં શાંતિ ખરીદવામાં આવતી હતી અમે આતંકવાદના તંત્રને તેના જડથી ઉખાડી ફેંકવા ઈચ્છીએ છીએ તેમાં સમય લાગી શકે છે પરંતુ સરકાર આતંકી તંત્રને નષ્ટ કરી દેશે

એલજીએ કહ્યું કે આજે સુરક્ષા દળોના આતંકીઓ પર પકડ મજબુત (અપર હેંડ ) છે અમારા સુરક્ષા દળો તેમનું કરોડરજજુ તોડવામાં સફળ રહ્યાં છે.

આતંકવાદી હતાશામાં સરળ લક્ષ્ય પર હુમલા કરી રહ્યાં છે પરંતુ તેના પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે તેમણે કહ્યું કે ભવિષ્યમાં પણ આવી ઘટનાઓ થઇ શકે છે પરંતુ તેના માટે સચેત રહેવાનું છે.

## ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી ચંપાવત બેઠક પરથી પેટા ચૂંટણી લડશે

દહેરાદુન,તા.૨૧

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી ચંપાવતથી ચૂંટણી લડશે. ચંપાવતના ધારાસભ્ય કૈલાશ ચંદ્ર ગહાતોડીએ તેમના માટે બેઠક ખાલી કરી દીધી છે.૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે રાજ્યમાં જંગી જીત મેળવી હતી. કોંગ્રેસને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ભાજપે ૭૦માંથી ૪૭ બેઠકો જીતી હતી. કોંગ્રેસને માત્ર ૧૯ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. જ્યારે ચાર બેઠકો અપક્ષ ઉમેદવારોએ જીતી હતી. કોંગ્રેસના દિગ્ગજ નેતા હરીશ રાવત તેમની લાલકુઆન બેઠક હારી ગયા અને મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ તેમની ખાતિમા બેઠક ગુમાવી.ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી ઘણા ધારાસભ્યોએ મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી માટે પોતાની સીટ ખાલી કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ચંપાવતના બીજેપી ધારાસભ્ય કૈલાશ ગહાતોડીએ સૌપ્રથમ પોતાની સીટ ખાલી કરવાની જાહેરાત કરી હતી. મુખ્યપ્રધાન બન્યા બાદ ધામીએ પ્રથમ ચંપાવતની મુલાકાત લીધી હતી. આનાથી ચર્ચા શરૂ થઈ હતી કે તેઓ અહીંથી પેટાચૂંટણી લડી શકે છે.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ છ મહિનાની અંદર વિધાનસભા અથવા વિધાન પરિષદના સભ્ય બનવું જરૂરી હતું. હવે ઉત્તરાખંડમાં વિધાન પરિષદ ન હોવાથી તેમણે વિધાનસભાની ચૂંટણી લડીને ગૃહમાં પહોંચવું પડ્યું હતું.

## દેશમાં કોરોનાના ૨૪ કલાકમાં નવા ૨,૩૮૦ કેસ,૫૬ લોકોના મોત

નવીદિલ્હી,તા.૨૧

ભારતમાં કોરોના કેસમાં ફરી ૧૫ ટકાનો ઉછાળો આવ્યો છે. ગુરુવારે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨,૩૮૦ નવા કેસ નોંધાયા છે. દેશવ્યાપી રસીકરણ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૧૮૭.૦૭ કરોડ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. હાલમાં દેશમાં સક્રિય કેસ ૧૩,૪૩૩ છે. રિકવરી રેટ હાલમાં ૯૮.૭૬% છે.છેલ્લા ૨૪ કલાકમાં ૧,૨૩૧ લોકો કોરોનાથી સાજા થયા છે. આ સાથે, કોરોનાથી સાજા થનારા લોકોની સંખ્યા વધીને ૪,૨૫,૧૪,૪૭૯ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૫૬ લોકોના મોત થયા છે. દૈનિક સકારાત્મકતા દર ૦.૫૩% છે. સાપ્તાહિક હકારાત્મકતા દર ૦.૪૩% છે. અત્યાર સુધીમાં ૮૩.૩૩ કરોડ કોરોના ટેસ્ટિંગ થઈ ચૂક્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪,૪૯,૧૧૪ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.ઉલ્લેખનીય છે કે ૧૦ એપ્રિલે દિલ્હીમાં ચેપના ૬૦૮ સારવાર હેઠળના કેસ હતા, જેમાંથી માત્ર ૧૭ (૨.૮૦ ટકા) દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર હતી. રાષ્ટ્રીય રાજધાનીમાં, ૧૬ એપ્રિલના રોજ સારવાર હેઠળના કેસ બમણા થઈને ૧,૨૬૨ થયા, પરંતુ હોસ્પિટલમાં દાખલ દર્દીઓની સંખ્યા માત્ર ૨૯ (૨.૩ ટકા) હતી. બે દિવસ પછી, દિલ્હીમાં સારવાર હેઠળના કેસ વધીને ૧,૭૨૯ થઈ ગયા, જેમાંથી ૪૦ (૨.૩૧ ટકા) દર્દીઓ હોસ્પિટલમાં દાખલ થયા. સંખ્યાના આધારે હોસ્પિટલોમાં ઓક્સિજનની જરૂરિયાતવાળા દર્દીઓની સંખ્યા વધી છે, પરંતુ તેમની ટકાવારીમાં ઘટાડો થયો છે. માહિતી અનુસાર, ૧૦ એપ્રિલે છ દર્દીઓ ઓક્સિજન સપોર્ટ પર હતા, જે સારવાર હેઠળના કેસના ૦.૯૯ ટકા છે, જ્યારે ૧૮ એપ્રિલે ૧૨ દર્દીઓ ઓક્સિજન સપોર્ટ પર હતા, જે સારવાર હેઠળના કુલ કેસના ૦.૬૯ ટકા છે.

## હિમાચલમાં કાળા નાણાંને સફેદ કરવા પર ૪૦થી વધુ લોકો તપાસના દાયરામાં

શિમલા,તા.૨૧

હિમાચલ પ્રદેશમાં આ વર્ષ ૪૦ કારોબારી અને અન્ય લોકો કાળા નાણાં સફેદ કરવાના આરોપમાં તપાસના દાયરામાં આવ્યા છે. મની લોન્ડ્રીંગ અને હવાલાની શંકા વ્યકત કરતા હિમાચલ પ્રદેશ પોલીસે છ નવા મામલાની યાદી પ્રવર્તન નિદેશાલય ઈડીને મોકલી છે.જેમાં ૪૦થી વધુ લોકોની વિરૂધ્ધ ઈડી તપાસ કરશે. પોલીસે ઈડીને સંબંધિત દસ્તાવેજો પણ મોકલ્યા છે.આ તમામ લોકોની વિરૂધ્ધ પોલીસમાં અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં વિવિધ કલમો હેઠળ મામલા દાખલ છે.પોલીસે આ મામલામાં આરોપીઓની લગભગ ચાર કરોડથી વધુની ચલ અચલ સંપત્તિ અટેચ કરી ચુકી છે.મની લોન્ડ્રીંગના આરોપમાં શરાબ ફેકટરીઓથી જોડાયેલા, ખનન,ખાનગી વિશ્વ વિદ્યાલય બેંક વગેરે વિવિધ સંસ્થાનોથી જોડાયેલા સંચાલકો અધિકારીઓ અને કર્મચારીઓને લપેટવામાં આવ્યા છે.આ ઉપરાંત નશા તસ્કરીથી જોડાયેલ કારોબારી પણ સામેલ છે.વર્ષ ૨૦૨૧થી લઇ અત્યાર સુધી પોલીસ પ્રશાસને ૧૦૦થી વધુ આરોપીઓની સંપત્તિની તપાસ ઈડીને સોંપી છે,છ નવા મામલામાં સામેલ ૪૦થી વધુ લોકોની વિરૂધ્ધ કેટલાક સમયમાં સોલન પરવાણુ ઉના કાલાઅંબ ડમટાલ હરોલી નાદોન નાલાગઢ બદી વગેરે પોલીસ સ્ટેશનમાં મામલા દાખલ છે.માનવ ભારતી વિશ્વ વિદ્યાલયની ૧૯૪ કરોડની સંપત્તિ અટેચ કર્યા બાદ પોલીસ વિભાદે મામલાની મૂડ સુધી પહોંચવા અને પારદર્શિતા બનાવી રાખવા માટે તપાસ ઈડીને સોંપવાની શરૂ કરી દીધી છે અનેકની જેસીબી ટ્રક જમીનો રોકડ કાર વગેરેની સંપત્તિને અટેચ કરવામાં આવી છે.ડીજીપી સંજય કુંડૂએ કહ્યું હતું કે પોલીસ અને ગેરકાયદેસર કારોબારીઓ અને અપરાધિઓ પર અંકુશ લગાવવામાં આવી રહ્યો છે.અપરાધમાં સંડોવાયેલા લોકો પર કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે પહેલા પસંદગીના મામલામાં જ ઈડીને મોકલવામાં આવતા હતાં હવે જયાં પણ ધન શોધનની શંકા છે તેને ઈડાને તપાસ માટે મોકલવામાં આવી રહ્યાં છે.કેટલાક સમય પહેલા ૨૫ કેસ ઈડીને મોકલવામાંઆવ્યા હતાંજેમાંથી ૬ મામલા હાલમાં જ મોકલવામાં આવ્યા છે.


## પંજાબ પોલીસે કોંગ્રેસના નેતા અલકા લાંબાને નોટીસ મોકલી

નવીદિલ્હી,તા.૨૧

પંજાબ પોલીસની વિશેષ તપાસ ટીમે અલકા લાંબાને નોટસી મોકલી છે જેમાં કહેવામાં આવ્યું છે કે ૨૬ એપ્રિલે સવારે ૧૦ વાગે કે તેની પહેલા રૂપનગર પોલીસ સ્ટેશનમાં તપાસ માટે એસઆઈટીની સામે હાજર થવા માટે જણાવાયું છે.

આરોપી છે કે તેમણે ૨૦ ફેબ્રુઆરીએ પંજાબ ચુંટણી પહેલા દિલ્હીના મુખ્યમંત્રી અને આપ(આમઆદમી પાર્ટી)ના નેતા અરવિંદ કેજરીવાલની વિરૂધ્ધ ખોટું નિવેદન આપ્યું હતું.

નોટીસ જારી કરતા પહેલા પંજાહ પોલીસ આપના પૂર્વ ધારાસભ્ય અને કોંગ્રેસ નેતા લાંબાના ધરે પહોંચી આ માહિતી ખુદ અલકા



લાંબાએ ખુદ પોતાના ટ્વિટર પર આપી છે તેમણે લખ્યું છે કે પંજાબ પોલીસ મારા ઘરે આવી પહોંચી છે આ પહેલા પંજાબ પોલીસ કવિ કુમાર વિશ્વાસના ધરે પહોંચી હતી. ત્યારે પણ અલકાએ ટ્વીટ કરી લખ્યું હતું કે હવે સમજ આવી રહ્યું છે કે આપને પોલીસ કેમ જોઈએ છે અલકાએ ટ્વીટમાં લખ્યું કે હવે સમજમાં આવી રહ્યું છે કે આપને પોલીસ કેમ જોઈએ ભાજપની જેમ માત્ર પોતાના વિરોધીઓને ડરાવવા અને તેમનો અવાજ દબાવવા માટે થોડી શરમ કરો કેજરીવાલજી

## પૂર્વ મંત્રી યાકુબ કુરેશીની મીટ ફેકટરી પર હાલ બુલડોઝર ચાલશે નહીં : કોર્ટમાંથી રાહત

પ્રયાગરાજ,તા.૨૧

મેરઠના બસપા નેતા અને પૂર્વ મંત્રી હાજી યાકુબ કુરેશીને અલ્હાબાદ હાઈકોર્ટમાંથી રાહત મળી છે હાઈકોર્ટે સુનાવણી બાદ કુરેશી પરિવારની મીટ ફેકટરીને ધ્વસ્તીકરણ પર વચગાળાની રોક લગાવી દીધી છે.કોર્ટે ૨૬ એપ્રિલ સુધી ધ્વસ્તીકરણ પર રોક લગાવી છે હવે મીટ ફેકટરીના ધ્વસ્તીકરણ મામલામાં ૨૬ એપ્રિલે સુનાવણી થશે કોર્ટે આદેશમાં કહ્યું છે કે આગામી સુનાવણી થવા સુધી મીટ ફેકટરી મેસર્સ અલ હસન મીટેકસ પ્રાઈવેટ ફેકટરી પર પ્રશાસન તરફથી બુલડોઝર ચલાવવાની તૈયારી ચાલી રહી હતી કોર્ટનો નિર્ણય આવ્યા બાદ હાજીને મોટી રાહત મળી છે. કુરેશી અને તેના પરિવારને બીજી મોટી રાહત ધરપકડને લઈને રહી યાકુબ કુરેશી અને પરિવારના લોકોની વિરૂધ્ધ દાખલ એફઆઈઆર મામલામાં હાઈકોર્ટમાં સુનાવણી ટળી ગઇ હકીકતમાં સુનાવણી કરનાર જજે ખુદને આ મામલાની સુનાવણીથી અલગ કરી દીધી જેના કારણે મામલાની સુનાવણી ટળી ગઇ બેંચે મામલાને મુખ્ય ન્યાયમૂર્તિની પાસે મોકલ્યો છે.હવે મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા નામિત નવી બેંચ આ મામલાની સુનાવણી કરશે કોર્ટે સુનાવણીની તારીખ ૨૨ એપ્રિલ નક્કી કરી છે એ યાદ રહે કે હાજી યાકુબ કુરેશીની સાથે તેમની પત્ની સંજીદા બેગમ અને બંન્ને પુત્રો ઈમરાન અને ફિરોજની વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરાવવામાં આવી હતી તેના પર હાજી યાકુબ કુરેશી અને તેના પરિવારે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી એફઆઈઆર રદ કરવાની માંગ કરી હતી.એ યાદ રહે કે પોલીસે હાજી યાકુબ કુરેશીની મીટ ફેકટરી પર દરોડો પાડયો હતો આ મીટમાં ફંગસ અને કીડા જણાયા હતાં આ મીટ ખાવા લાયક ન હતું પોલીસે ૧૪ લોકોની વિરૂધ્ધ ગંભીર કલમોમાં એફઆઈઆર દાખલ કરી હતી. ઘટના સ્થળેથી ૧૦ આરોપીઓની ધરપકડ પણ કરી હતી પોલીસનું કહેવુ હતું કે આ ફેકટરી ગેરકાયદેસર રીતે ચાલી રહી હતી આ ઉપરાંત યાકુબની હોસ્પિટલ પણ સીલ કરવામાં આવી હતી આ હોસ્પિટલ રજીસ્ટ્રેશન વિના સંચાલિત કરવામાં આવી રહી હતી.

## તંત્રી સ્થાનેથી...

# અપરાધ પર લગામ

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે દંડ પ્રક્રિયા ઓળખ વિધેયકને મંજૂરી આપી દીધી છે. આ વિધેયક અંતર્ગત પોલીસને અપરાધિક મામલે ધરપકડ કરાયેલા અને દોષીત ગણાવાયેલા અપરાધીઓના જૈવિક નમૂના લેવાની અનુમતિ મળશે. પોલીસને આ સુવિધા પ્રદાન કરનારા કોઈ કાયદાની સખત આવશ્યકતા હતી, કારણ કે અપરાધી નવી-નવી તરકીબો અપનાવી રહ્યા છે અને કેટલાય કિસ્સામાં એ જોવા મળે છે કે પૂરતા પુરાવાના અભાવે તેમને સજા આપવાનું કઠિન થઈ જાય છે. આ કાયદો ૮૦ વર્ષ જૂના કેદી ઓળખ અધિનિયમનું સ્થાન લેશે. સ્પષ્ટ છે કે કાયદાને સંશોધિત કરવામાં બહુ મોડું થયું છે. તેમ છતાં પણ વિપક્ષે સંસદમાં ચર્ચા દરમ્યાન એ આધારે આ પ્રસ્તાવિત કાયદાનો વિરોધ કર્યો કે તેનો દુરુપયોગ થઈ શકે છે. વિપક્ષને ખબર હોવી જોઈએ કે દુનિયામાં એવો કોઈ કાયદો નથી, જેના દુરુપયોગની આશંકા ન હોય, પરંતુ તેને કારણે સક્ષમ કાયદા બનાવવાનું જ બંધ કરી દેવાનું ન હોય. જ્યારે કાયદો અને વ્યવસ્થાની સાથે આંતરિક સુરક્ષા સમક્ષ ખતરા વધતા જાય છે, ત્યારે કડક કાયદાના નિર્માણનો વિરોધ કરવો એક રીતે દેશને જાણી જોઈને ખતરામાં નાખનારું કામ છે. એ ઠીક નથી કે આપણા રાજકીય પક્ષો અરાજકતા અને ખાસ કરીને આતંકવાદ પર અંકુશ મામલે પક્ષીય રાજનીતિથી ઉપર ઉઠીને વિચાર કરવા માટે તૈયાર જ નથી થતા. આ જ કારણે ભૂતકાળમાં પોટા અને ટાડા જેવા કાયદા રદ્દ કરવામાં આવ્યા. જો કોઈ કાયદામાં ખામી મળે તો તેને દૂર કરવાનું કામ કરવું જોઈએ, નહીં કે કાયદો જ રદ્દ કરવો જોઈએ.

આશા રાખીએ કે દંડ પ્રક્રિયા ઓળખ કાયદા પર ઝડપથી અમલ થાય અને તેના દ્વારા અપરાધીઓ પર અંકુશ લાગશે. અપરાધીઓના મનમાં કાયદાનો ભય પેદા કરવા માટે અન્ય જરૂરી ઉપાય પણ કરવા જોઈએ, કારણ કે અપરાધના નવી-નવી તરકીબો પેદા થઈ રહી છે. આ પડકારનો સામનો ત્યારે જ કરી શકાય છે, જ્યારે પોલીસ સક્ષમ કાયદા સાથે એ સંસાધનોથી પણ સજ્જ હશે, જે તેમના માટે જરૂરી થઈ ચૂક્યા છે. આ મામલે જે પ્રગતિ થઈ છે, તેને સંતોષજનક ન કહી શકાય, કારણ કે પોલીસ સુધાર સંબંધી એ દિશાનિર્દેશો પર અત્યાર સુધી યોગ્ય રીતે અમલ નથી થઈ શક્યો, જે સુપ્રીમ કોર્ટ તરફથી ૨૦૦૬માં આવામાં આવ્યા હતા. એક સમસ્યા એ પણ છે કે પોલીસ સંખ્યાબળના અભાવ સામે ઝઝૂમી રહી છે. કેટલાય રાજ્યોમાંતો ભારે સંખ્યામાં પોલીસકર્મીઓનાં પદો ખાલી છે. અપરાધ પર લગામ લગાવવા માટે એ જોવું પણ જરૂરી છે કે ન્યાય સમય પર મળે. આ બાબતે વાતો તો બહુ થાય છે, પરંતુ પરિણામ શૂન્ય જ રહ્યું છે. નીચલી અદાલતોથી લઈને સર્વોચ્ચ અદાલત સુધીમાં પડતર કેસોની વધતી સંખ્યા નિરાશાજનક જ છે. ન્યાયતંત્ર અને પ્રશાસન બંનેએ સાથે મળીને ઝડપી ન્યાય માટે કોઈ નક્કર પગલાં ભરવાની જરૂર છે.

# જહાંગીરપુરીમાં ૨ અઠવાડિયા સુધી બુલડોઝર નહીં ચાલે, સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો



નવીદિલ્હી,તા.૨૧

દિલ્હીના જહાંગીરપુરીના ગેરકાયદેસર અતિક્રમણ પર બે અઠવાડિયા સુધી બુલડોઝર નહીં ચલાવવામાં આવે સુપ્રીમ કોર્ટે ગુરુવારે સુનાવણી દરમિયાન આ વચગાળાનો આદેશ આપ્યો છે. દિલ્હીના જહાંગીરપુરમાં હિંસા બાદ બુધવારે સુપ્રીમ કોર્ટમાં જમીયત ઉલેમા-એ-હિંદ વતી હાજર થયેલા દુષ્યંત દવેએ તેને રાષ્ટ્રીય મહત્વનો મામલો ગણાવ્યો હતો. આ સાથે તેણે એક સમુદાયને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો. સુનાવણીના બીજા દિવસે દુષ્યંત દવેએ કહ્યું હતું કે આ પહેલા ક્યારેય આવી કાર્યવાહી કરવામાં આવી નથી. તેમણે વધુમાં કહ્યું કે પોલીસે હિંદુ પક્ષ વિરુદ્ધ એફઆઈઆર પણ દાખલ કરી છે કે તમે પરવાનગી વિના યાત્રા કાઢી હતી.બીજી તરફ, એલ. સોલિસિટર જનરલે નાગેશ્વર રાવ અને બીઆર ગવઈની સુનાવણી કરી રહેલી બેન્ચને કહ્યું કે તેઓને કેસના તથ્યો પર વાત કરવા કહ્યુંસ, આ ભાષણ માટેનું મંચ નથી. આ પછી જજે કહ્યું કે તમે કેસ પર વાત કરો. જસ્ટિસ વતી કહેવામાં આવ્યું હતું કે અતિક્રમણ હટાવવાનું રોકી શકાય નહીં. આ કામ બુલડોઝર દ્વારા જ કરવામાં આવે છે.

એડવોકેટ દવેએ જણાવ્યું હતું કે કાયદાકીય રીતે ૫ થી ૧૫ દિવસની નોટિસ આપવી જોઈતી હતી. આવા મામલાઓમાં ઘણી વખત કોર્ટે નોટિસનો સમયગાળો લંબાવ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે, ભાજપના નેતાએ પત્ર લખ્યો અને લોકોને કોઈ તક આપ્યા વિના કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી. દિલ્હીમાં ૧૭૩૧ અનધિકૃત કોલોનીઓ છે. લગભગ ૫૦ મિલિયન લોકો ત્યાં રહે છે. પરંતુ માત્ર એક જ કોલોનીને નિશાન બનાવવામાં આવી રહી છે. દવેએ જણાવ્યું હતું કે ૩૦ વર્ષથી વધુ જૂના બાંધકામને અચાનક તોડી પાડવાનું શરૂ કરી દેવામાં આવ્યું હતું.

બીજી તરફ કપિલ સિબ્બલે કહ્યું કે અતિક્રમણ અને ગેરકાયદે બાંધકામ આખા દેશની સમસ્યા છે. પરંતુ તેની આડમાં તેઓ એક સમુદાયને નિશાન બનાવી રહ્યા છે. સાંસદ મંત્રીએ કહ્યું કે જો મુસ્લિમો ધાર્મિક યાત્રાધામો પર હુમલો કરશે તો તેમની પાસેથી કોઈ છૂટ આપવામાં આવશે નહીં. આ કોણે નક્કી કર્યું? આ કાયદો ક્યાં છે? કેટલીક જગ્યાએ સમુદાયના લોકોને તેમના વિસ્તારમાં કેદ કરવામાં આવ્યા છે. દેશમાં કાયદાનું શાસન છે તેવો સંદેશ કોર્ટ માટે આપવાનો સમય આવી ગયો છે.

### દરેક ગુનેગારનું ભવિષ્ય હોય છે

# દુષ્કર્મ-હત્યાના આરોપીની મૃત્યુદંડની સજાને સુપ્રીમે આજીવન કેદમાં ફેરવી દીધી

નવીદિલ્હી,તા.૨૧

સુપ્રીમ કોર્ટે ચાર વર્ષની બાળકી પર બળાત્કાર કરીને તેની હત્યા કરનાર વ્યક્તિની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવી દીધી છે. જસ્ટિસ યુયુ લલિત, એસ રવિન્દ્ર ભટ અને બેલા એમ ત્રિવેદીની બેંચે હત્યાના કેસમાં દોષિતને આપવામાં આવેલી મૃત્યુદંડની સજાને આજીવન કેદ અને બળાત્કારના કેસમાં ૨૦ વર્ષની સજામાં ફેરવી દીધી હતી.બેન્ચે ચુકાદો આપતા અવલોકન કર્યું કે ગુનેગારને આપવામાં આવતી મહત્તમ સજા તેના વિકૃત મનને સુધારવા માટે હંમેશા નિર્ણાયક પરિબળ હોઈ શકે નહીં. ૧૯ એપ્રિલે આપેલા આ ચુકાદામાં બેન્ચે એમ પણ જણાવ્યું હતું કે જેલમાંથી છૂટ્યા બાદ તેને સામાજિક રીતે ઉપયોગી વ્યક્તિ બનવાની ક આપવી જોઈએ.



સજાના આ ફેરફારની જાહેરાત કરતી વખતે, સુપ્રીમ કોર્ટની બેન્ચે પ્રખ્યાત અંગ્રેજી લેખક ઓસ્કર વાઈલ્ડની એક પંક્તિનો પણ ઉલ્લેખ કર્યો હતો કે 'એક સંત અને એક પાપી વચ્ચે માત્ર એટલો જ અંતર હોય છે કે દરેક સંતનો એક ઈતિહાસ હોય છે અને દરેક પાપીનું એક ભવિષ્ય હોય છે.' આ મામલો મધ્યપ્રદેશના સિવની જિલ્લાના એક ગામનો છે.સિવની જિલ્લાના એક ગામમાં ૧૭ એપ્રિલ, ૨૦૧૩ના રોજ એક ગામમાં ચાર વર્ષની બાળકી પર બળાત્કાર થયો હતો. બાદમાં મહારાષ્ટ્રની એક હોસ્પિટલમાં બાળકીનું મોત થયું હતું. યુવતી સાથે આ ઘૃણાસ્પદ કૃત્ય ઘનસોર ફાર્મમાં મોહમ્મદ ફિરોઝ નામના ૩૫ વર્ષીય વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યું હતું અને બાદમાં તેણે બાળકીને ખેતરમાં ફેંકી દીધી હતી.બાળકી અવસ્થામાં તેના માતા-પિતાને મળી હતી. બીજા દિવસે સવારે જબલપુરની નેતાજી સુભાષ ચંદ્ર મેડિકલ કોલેજમાં બાળકીને લઈ ગયા. યુવતીને એર એમ્બ્યુલન્સ દ્વારા નાગપુર લઈ જવામાં આવી હતી અને રામદાસપેઠ વિસ્તારની કેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન બાળકીનું મોત થયું હતું.

મધ્યપ્રદેશના એક ખાનગી પાવર પ્લાન્ટમાં કામ કરતા ફિરોઝની બિહારના ભાગલપુર જિલ્લાના હુસૈનાબાદ વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. કેસની સુનાવણી દરમિયાન ટ્રાયલ કોર્ટે તેને ભારતીય દંડ સંહિતા આઈપીસી ની કલમ ૩૦૨ હેઠળ હત્યા અને બળાત્કાર માટે આજીવન કેદની સજા સંભળાવી હતી.

આ પછી તેણે હાઈકોર્ટનો સંપર્ક કર્યો પરંતુ ત્યાં તેની અરજી ફગાવી દેવામાં આવી. હાઈકોર્ટમાં નિરાશ થયા બાદ દોષિતે ફાંસીની સજા વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. કોર્ટે આ કેસમાં હાઈકોર્ટ અને નીચલી કોર્ટના ચુકાદાને બદલી નાખ્યો અને તેની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવી દીધી.

# વડાપ્રધાને રાષ્ટ્રીય લાઉડસ્પીકર નીતિ બનાવીને ગુજરાતમાં લાગુ કરવી જોઈએ : સંજય રાઉત



મુંબઈ,તા.૨૧

શિવસેનાના સાંસદ સંજય રાઉતે મસ્જિદોમાંથી લાઉડસ્પીકર હટાવવાના વિવાદ પર ભાજપ પર કટાક્ષ કર્યો, કહ્યું કે પીએમ મોદીની સરકારે મસ્જિદોમાં લાઉડસ્પીકર માટે રાષ્ટ્રીય નીતિ બનાવવી જોઈએ. અને તેને બિહાર અને ગુજરાતમાં પહેલા લાગુ કરવી જોઈએ. મસ્જિદો પર લાઉડસ્પીકર લગાવવાના મુદ્દે ભાજપ મોડેથી જાગી છે. સંજય રાઉતે કહ્યું કે ભાજપે શિવસેનાને આ વિશે શીખવવાનો પ્રયાસ ન કરવો જોઈએ.તેમણે વધુમાં કહ્યું કે શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરેએ મુસ્લિમોને લગતા ઘણા મુદ્દાઓ ઉકેલ્યા હતા. અત્યારે હિન્દુત્વના નામે માત્ર રાજકીય લાઉડસ્પીકર વગાડી રહ્યા છે. મહારાષ્ટ્રમાં કાયદાનું શાસન છે પરંતુ મસ્જિદો પરના લાઉડસ્પીકર માટે રાષ્ટ્રીય નીતિ હોવી જોઈએ.હજુ સુધી ગુજરાતની તમામ મસ્જિદોમાંથી લાઉડસ્પીકર હટાવવામાં આવ્યા નથી. યુપીમાં જઈને જુઓ બિહારમાં જ્યાં નીતીશ કુમારની સરકાર ભાજપના સમર્થનથી ચાલી રહી છે. જેમ કે કેન્દ્રએ બીફ પ્રતિબંધ નીતિ ઘડી હતી પરંતુ કેટલાક રાજ્યોને અપવાદો આપવામાં આવ્યા હતા, ઉત્તર-પૂર્વ અને ગોવાના રાજ્યોએ બીફ પ્રતિબંધ સ્વીકાર્યો ન હતો, તો રાષ્ટ્રીય બીફ પ્રતિબંધ નીતિ ક્યાં છે?શિવસેનાના સાંસદ સંજય રાઉતે વધુમાં કહ્યું કે, શિવસેના વતી હું વડાપ્રધાનને અપીલ કરું છું કે લાઉડસ્પીકર અંગેનો વિવાદ તમારા લોકોએ જ ઉભો કર્યો છે.

# યુદ્ધને કારણે ટાટા સ્ટીલે રશિયા સાથેનો બિઝનેસ બંધ કર્યો

નવીદિલ્હી,તા.૨૧

ખાનગી ક્ષેત્રની કંપની ટાટા સ્ટીલે રશિયા સાથે કારોબાર બંધ કરવાની જાહેરાત કરી છે. કંપનીએ આ પગલું રુસ-યુક્રેન યુદ્ધ વચ્ચે ઉઠાવ્યું છે. કંપનીના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ×ટાટા સ્ટીલની રશિયામાં કોઈ કામગીરી નથી અને ન તો તેના ત્યાં કર્મચારીઓ છે. અમે કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી રશિયા સાથેનો વેપાર બંધ કરવાનો નિર્ણય લીધો છે.

ટાટા સ્ટીલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે વ્યાપાર સાતત્ય માટે, ભારત, યુકે અને નેધરલેન્ડમાં કંપનીના તમામ સ્ટીલ ઉત્પાદન પ્લાન્ટોએ કાચા માલના વૈકલ્પિક પુરવઠાની વ્યવસ્થા કરી છે. આનાથી રશિયા પરની તેમની નિર્ભરતા સમાપ્ત થઈ ગઈ છે. કંપનીએ તેની વિવિધ કામગીરી માટે રશિયા પાસેથી મર્યાદિત માત્રામાં કોલસો મેળવ્યો છે.

ભૂતકાળમાં દેશની અગ્રણી આઈટી કંપની ઈન્ફોસિસે પણ રશિયા સાથેનો કારોબાર બંધ કરવાની જાહેરાત કરી હતી. અમેરિકા સહિત તમામ યુરોપીયન દેશો ભારત અને ભારતીય કંપનીઓને રશિયા વિરુદ્ધ પગલાં લેવાનું કહી રહ્યા છે. ઘણી મોટી કંપનીઓ પણ રશિયામાંથી પોતાનો બિઝનેસ પાછો ખેંચી રહી છે.

હવે ટાટા સ્ટીલ પણ દેશની એવી કેટલીક કંપનીઓમાંની એક બની ગઈ છે જેણે રશિયામાંથી પોતાનો બિઝનેસ પાછો ખેંચી લીધો છે. જોકે, આ સમગ્ર મામલે ભારતનું વલણ અલગ છે. ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં દરેક જગ્યાએ યુદ્ધની ટીકા કરી છે પરંતુ રશિયા વિરુદ્ધ મતદાન કરવાથી દૂર રહ્યું છે.

### ભારતમાં કોઈ બહુ મોંઘવારી નથીઃ નિર્મલા

# નાણામંત્રી ખુદે ક્રુડ-કોમોડીટીના ભાવ વધ્યાનું સ્વીકાર્યા બાદ પણ મોંઘવારીને નકારી



નવીદિલ્હી,તા.૨૧

દેશના લોકો કારમી મોંઘવારીથી પીડાઈ રહ્યા છે. ખુદ સરકારના આંકડા કહે છે કે બે વર્ષમાં દેશમાં કોરોનાથી રોજગારની ખરાબ સ્થિતિથી જે રીતે લોકોની આવક ઘટી છે તેમાં ફક્ત ગરીબો જ નહી કરદાતાની આવક પણ ઘટી છે અને લાખો લોકો તે શ્રેણીમાંથી બહાર નીકળી ગયા છે અને યુક્રેન યુદ્ધના કારણે જે રીતે ક્રુડતેલથી કોમોડીટીના ભાવમાં મોટો ઉછાળો નોંધાયો છે.તેની અસર લોકોના જીવન ધોરણ પર પડી છે છતાં દેશના નાણામંત્રી નિર્મલા સીતારામને વિદેશ જઈને ભારતના લોકોની મજાક કરતા કહ્યું કે ભારતમાં મોંઘવારી વધુ નથી. હાલ અમેરિકામાં રહેલા નિર્મલા સીતારામને વોશિંગ્ટન ડીસીમાં આયોજીત કાર્યક્રમમાં એવું જણાવ્યું કે આપણી સામે વૈશ્વિક પડકાર છે.

ક્રુડથી લઈને કોમોડીટીની કિંમતો આસમાનને આંબી રહી છે. (ખુદ નાણામંત્રીના શબ્દો છે) તેની અસર તમામ અર્થતંત્ર પર પડશે તેમ છતાં ભારતમાં છૂટક મોંઘવારી (ફુગાવો) ૬.૯% છે. અમારો લક્ષ્યાંક ૪% છે અને ૨% પ્લસ માઈનસ ગણીએ તો ૬% નો ફુગાવો અને હાલનો ૬.૯% નો જે છે તે કોઈ વધુ ફુગાવો નથી. અમો ૬% થી વધુ કઈ આગળ ગયા નથી. તેઓએ આ નિવેદન જી-૨૦ દેશોની ઉભરતા અર્થતંત્રની બેઠકમાં આ રીતે દેશમાં ભાવવધારાનો બચાવ કર્યો હતો.

દેશમાં મોંઘવારી મુદે નાણામંત્રીના નિવેદનથી જબરો આઘાત છે અને ખુદ સરકારના અથવા તો કહો કે નાણા મંત્રાલયના આંકડા નિર્મલાના વિદેશના વિધાનોથી જુદી વાત કહે છે. સરકાર ખુદ સ્વીકારે છે કે ગ્રામીણ ક્ષેત્રમાં મોંઘવારી લોકોને પરેશાન કરી રહી છે. આ ક્ષેત્રે જ્યાં ૬૦% ભારત વસે છે ત્યાં ખાદ્ય મોંઘવારી છેલ્લા ૧ વર્ષમાં ડબલ થઈ છે.

ગત વર્ષે મોંઘવારીનો આંક ૩.૪૯ હતો. જે આજે માર્ચ માસમાં ૮.૦૪% રહી છે અને વાસ્તવિકતા એ છે કે જથ્થાબંધ ફુગાવા જે કુલ ઉત્પાદકીય ચીજોને લાગુ પડે છે તે ૧૪.૫૫% નોંધાયો છે. એટલે કે મોંઘવારી હવે અર્થતંત્રના મૂળમાં પહોંચી ગઈ છે. દેશમાં મોંઘવારી માટે નાણામંત્રી ખુદ યુક્રેન યુદ્ધને કારણ દર્શાવે છે પણ વિદેશ જઈને જુદી વાત કરી છે.

# ભાજપ સાંસદ નરસિમ્હા રાવે જેસીબીને જેહાદ કંટ્રોલ બોર્ડ બતાવ્યું

નવીદિલ્હી,તા.૨૦

દિલ્હીના જહાંગીરપુરીમાં હિંસા બાદ ઉત્તરી દિલ્હી નગર નિગમ દ્વારા બુલડોઝરોથી ગેરકાયદેસર નિર્માણને હટાવવાનું કામ કરવામાં આવ્યું હતું જો કે સુપ્રીમ કોર્ટે હાલ તેના પર રોક લગાવી છે.

પરંતુ આ મુદ્દા પર રાજકીય નિવેદનબાજી પણ થઇ રહી છે ભાજપના રાજયસભાના સાંસદ જીવીએલ નરસિમ્હા રાવે ટ્વીટ કરતા જેસીબીને જેહાદ કંટ્રોલ બોર્ડ ગણાવી દીધુ છે. જો કે થોડીવાર બાદ તેમણે પોતાનું ટ્વીટ ડિલીટ પણ કરી દીધુ

દિલ્હી ભાજપ પ્રમુખ આદેશ ગુપ્તાએ કહ્યું હતું કે જહાંગીરપુરીમાં સાંપ્રદાયિક હિલાના આરોપી ગેરકાયદેસર નિર્માણમાં રહેતો હતો આ સાથે જ તેમણે માંગ કરી હતી આ ગેરકાયદેસર નિર્માણને ધ્વસ્ત કરવામાં આવે ત્યારબાદ ઉત્તરી દિલ્હી નગર નિગમે મંગળવારે અતિક્રમણ વિરોધી અભિયાનની જાહેરાત કરી હતી અને વિસ્તારમાં ભારે પોલીસ તહેનાત કરવાની વિનંતી કરી હતી.

# મમતા પાપની માતા અને લોભ પાપનો બાપ છે



એક સમયની વાત છે.એક પંડીત ઘણા વર્ષો કાશીમાં રહી શાસ્ત્રોનું અધ્યયન કરી પોતાના ગામમાં પાછા આવે છે.આખા ગામમાં વાત ફેલાઇ કે પંડીતજી કાશીમાં અભ્યાસ કરીને આવ્યા છે અને ધર્મ વિશેના કોઇપણ રહસ્યને સમજાવી શકે છે.પંડીતજીની આવી વાહ વાહ સાંભળીને એક ખેડૂત તેમની પાસે આવે છે અને પુછે છે કે પંડીતજી મને એ સમજાવો કે પાપનો બાપ કોન છે?

પ્રશ્ન સાંભળીને પંડીતજી વિચારમાં પડી ગયા કે મેં અનેક આધ્યાત્મિક ગુરૂઓ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યું છે પરંતુ મેં અત્યાર સુધી પાપનો બાપ કોન છે? તે તો જાણ્યું જ નથી.પંડીતજી વિચાર કરે છે કે મારો અભ્યાસ હજુ અધુરો છે તેથી તે પાછા કાશી જાય છે અને અનેક ગુરૂઓને મળીને જ્ઞાન ચર્ચા કરે છે પરંતુ તેમને સવાલનો જવાબ મળતો નથી.

અચાનક એક દિવસ તેમની મુલાકાત એક ગણિકા(વેશ્યા) સાથે થાય છે, તેને પંડીતજીની પરેશાનીનું કારણ પુછ્યું તો પંડીતજીએ પોતાની સમસ્યા બતાવે છે ત્યારે ગણિકા કહે છે કે આપના સવાલનો જવાબ તો બિલ્કુલ સહેલો છે પરંતુ જવાબ મેળવવા તમારે કેટલાક દિવસ મારા ઘેર રહેવું પડશે.પંડીતજી આ પ્રશ્નનો જવાબ મેળવવા તો ભટકી રહ્યા હતા તેથી તે તૈયાર થઇ ગયા એટલે ગણિકાએ પોતાના ઘરમાં જ તેમના રહેવાની વ્યવસ્થા કરી આપે છે.પંડીતજી કોઇના હાથનું બનાવેલ ભોજન ખાતા ન હતા.તે પોતાના નિયમ, આચાર અને ધર્મ પરંપરાના કટ્ટર અનુયાયી હતા.

ગણિકાના ઘરમાં રહીને પોતાના હાથથી બનાવીને જ ભોજન લેતા હતા.આમને આમ કેટલાક દિવસ પસાર થયા તેમ છતાં પંડીતજીને તેમના સવાલનો જવાબ મળતો નથી તેથી જવાબ મેળવવા પ્રતિક્ષા કરે છે.એક દિવસ ગણિકા કહે છે કે પંડીતજી.. આપશ્રીને ભોજન બનાવવામાં તકલીફ પડે છે અને અહી કોઇ જોવાવાળું નથી તો જો આપ કહો તો હું નાહી ધોઇ આપણા માટે ભોજન તૈયાર કરી દઉં.

પંડીતજીને રાજી કરવા ગણિકાએ લાલચ આપી કે જો મને સેવાનો મોકો આપશો તો હું દક્ષિણામાં તમોને પાંચ સોનામહોરો આપીશ. સોનામહોરનું નામ સાંભળીને પંડીતજી વિચારવા લાગ્યા કે તૈયાર ભોજન મળશે અને જોડે સોનાના સિક્કા એટલે મારે તો બંન્ને હાથમાં લાડું.. પંડીતજીએ પોતાના નિયમ-વ્રત, આચાર-વિચાર ધર્મ બધું જ ભૂલી ગયા અને કહે છે કે તમારી જેવી ઈચ્છા હોય તેમ કરો પણ એક વાતનું ધ્યાન રાખજો કે રસ્તામાં આવતા જતા કોઇ જોઇના જાય.

પહેલા જ દિવસે અનેક પકવાન તૈયાર કરીને પંડીતજીને ખવડાવવા થાળી પિરસી પણ જેવા પંડીતજી ખાવા જાય છે તે સમયે ગણિકા થાળી પાછી ખેંચી લે છે.પંડીતજી ગુસ્સામાં આવીને કહે છે કે આ શું મજાક છે? ત્યારે ગણિકા કહે છે કે આ મજાક નથી પણ આપના પ્રશ્નનો જવાબ છે.અહી આવતાં પહેલાં આપ ભોજન તો શું કોઇના હાથનું પાણી પણ પીતા ન હતા પરંતુ સોનામહોરના લોભમાં આપે મારા હાથનું ભોજન જમવાનો પણ સ્વીકાર કર્યો.. આ લોભ જ પાપનો બાપ છે.

લોભ એટલે લાલસા,લોલુપતા,તૃષ્ણા, વધારે પડતી કરકસર,કંજૂસાઇ અને કૃપણતા.અમારે પણ જીવનમાં કોઇપણ પ્રકારના લોભ-લાલચમાં ફસાયા વિના જીવન જીવવાનું છે. લોભ-મોહ-આસક્તિ અને માન મેળવવાની ઈચ્છા એ સ્થાઇ દોષ છે તે નિરંતર મનમાં રહેલા હોય છે. વિવેક-વેરાગ્ય અને સત્સંગના દ્વારા તેને દૂર કરી શકાય છે. લોભનો ત્યાગ એ ભક્તિમાર્ગની પગદંડી છે. કામ ક્રોધ લોભ મોહ મદ અને મત્સર.. આ મનમાં નિત્ય રહેવાવાળા શત્રુઓ છે આને જે વશમાં કરી લે છે તે જીતેન્દ્રિય પુરૂષ પાપમાં લિપ્ત થતો નથી. મમતાએ પાપની માતા છે અને લોભએ પાપનો પિતા છે. લોભ એ અનંતકાળનો વ્યાધિ છે. લોભથી બુદ્ધિ ચલાયમાન થાય છે. જેને મમત્વનો ત્યાગ કર્યો છે તથા લોભ અને મોહને છોડી દીધા છે તે કામ-ક્રોધથી રહીત માનવ પરમપદને પ્રાપ્ત કરે છે.

જો મન સ્ત્રી કે પુરૂષની ઉપર લાગશે તો કામ વધશે, ધનનું ચિંતન કરીશું તો લોભ વધશે અને શત્રુનું ધ્યાન કરીશું તો વેર-દ્વેષ ઈર્ષ્યા વધશે એટલે તો નારદભક્તિસૂત્ર(૬૩)માં કહ્યું છે કે "સ્ત્રીધનનાસ્તિક ચરીત્રં ન શ્રવણીયમ્.. સ્ત્રી ધન નાસ્તિક અને વૈરીનું ચરિત્ર સાંભળવુ જોઇએ નહી.

પદ,પ્રતિષ્ઠા અને પૈસાનો લોભ પણ માણસને તેના ધ્યેયમાંથી પથભ્રષ્ટ કરે છે. ભક્તિમાર્ગમાં પદ મળે,પ્રતિષ્ઠા મળે એટલે સાધકો, સદગુરૂના પ્રતિનિધિઓ પોતાની જાતને મહાન સમજી પ્રદર્શન કરવા લાગે છે અને તેમનું પતન થાય છે. મનુષ્યને પોતાના જીવનનો પણ લોભ હોય છે, મૃત્યુનો ભય લાગે છે તેથી સહજતાથી મૃત્યુને સ્વીકારી શકતો નથી તેથી જર્જરીત દેહરૂપી વસ્ત્રને થિંગડાં મારી ટકાવી રાખવા પ્રયત્ન કરે છે.

લોભનો વિરોધી શબ્દ છે સંતોષ..મનુષ્ય પોતાના જીવનમાં મોહ-માયા અને લોભ-લાલચમાં એટલો ડુબી જાય છે કે તેને પરમતત્વની પ્રાપ્તિ થતી નથી. જયારે કોઇ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂ પરમાત્માનું જ્ઞાન પ્રદાન કરે છે ત્યારે સંતોષ આવે છે. સંસારમાં લોભથી તુચ્છ વિનાશકારી તત્વ બીજું કોઇ નથી,તમામ અનર્થોનું મૂળ લોભ છે, લોભથી મનુષ્યની બુદ્ધિ અને વિવેક નાશ પામે છે તેથી તે પાપકર્મમાં પ્રવૃત્ત થાય છે. ગીતામાં કામ,ક્રોધ અને લોભને નરકના દ્વાર કહ્યા છે.લોભના મોહમાં માનવને સારા નરસાનું ભાન રહેતું નથી તેથી તે ન કરવાના કાર્યો કરી બેસે છે. લોભ સમાન કોઇ દુ:ખ નથી અને ત્યાગ સમાન કોઇ સુખ નથી. પ્રારબ્ધ અનુસાર જે કંઇ મળ્યું છે તેમાં સંતોષ માની જીવન જીવવું પણ લોભ ન રાખવો.

પૂર્વે નંદરાજા થઈ ગયા તેની પાસે પૃથ્વીનું રાજ્ય હતું અને અઢળક સમૃદ્ધિ હતી છતાં લોભને કારણે પ્રજાની જે કાંઈ સંપત્તિ હતી તે પોતાના સૈન્ય દ્વારા લઈ લીધી અને તે સંપત્તિ સલામત સ્થાને રાખવા વરાહ ભગવાનનું અસ્થિ પ્રાપ્ત કર્યું હતું. આ અસ્થિ સમુદ્રને બતાવતાં સમુદ્રમાં રસ્તો થઈ જાય અને સમુદ્રના પેટાળમાં સલામત રીતે તે સંપત્તિ મૂકી આવે.અપાર સંપત્તિ હોવા છતાં પ્રજા પાસે ક્યાંય પણ ધન ન રહેવું જોઈએ.આવા વિકૃત લોભને કારણે તેને એક ઉપાય કર્યો કે કોઈની પણ પાસે સંપત્તિ રહી નથી ને? તે જાણવા તેણે એક રૂપિયામાં ઊંટ વેચાતું મૂક્યું પરંતુ કોઈની પાસે એક રૂપિયો પણ નહોતો તેથી કોઇ ઊંટ ન ખરીદી શક્યું. એક ગામમાં એક છોકરે તેની મા પાસે ઊંટ લેવા એક રૂપિયો માગ્યો ત્યારે તેની માતાએ કંટાળીને કહ્યું કે જા તારા બાપની કબર ખોદ તેમાંથી એક રૂપિયો મળશે. છોકરાએ કબર ખોદી એક રૂપિયો કાઢ્યો અને તેનાથી ઊંટ ખરીદ્યું. રાજાને આ ખબર પડી એટલે તેણે તમામ કબરો ખોદાવી રૂપિયા ભેગા કર્યા અને એ ધન સમુદ્રમાં સંઘર્યું. એક વાર સમુદ્રમાં ખજાના સુધી જવાની ચાવીરૂપ વરાહ ભગવાનનું અસ્થિ નંદરાજાની રાણીએ ચૂલામાં નાંખી બાળી દીધું તે જાણતાં જ રાજાને અપાર આઘાત લાગ્યો અને ત્યાં ને ત્યાં જ મરણ પામ્યા, આવા અનેક સમ્રાટો લોભને કારણે મરણને શરણ થયા છે.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,
જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ભાજપે બુલડોઝરને પોતાની ગેરકાયદેસર શક્તિ બતાવવાનું પ્રતીક બનાવી દીધું છે : અખિલેશ

લખનૌ,તા.૨૧

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે જહાંગીરપુરીમાં હિંસા બાદ ગેરકાયદેસર બાંધકામ પર બુલડોઝરની કાર્યવાહીને લઈને ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. અખિલેશે ટ્વીટ કરીને પ્રહારો કર્યા અને કહ્યું કે ભાજપે બુલડોઝરને પોતાની ગેરકાયદેસર શક્તિ બતાવવાનું પ્રતીક બનાવી દીધું છે. ભાજપના નેતાઓ પોતાના વિરોધીઓના બાંધકામને ગેરકાયદેસર જાહેર કરી બુલડોઝર ફેરવી રહ્યા છે. હવે જનતા ભાજપના મકાનો, ઓફિસો, ધંધાકીય સંસ્થાઓના બાંધકામની કાયદેસરતા ચકાસવા આંદોલન ચલાવશે અને સત્ય સૌની સામે લાવશે.અખિલેશ યાદવે વધુ એક ટ્વિટ કરીને કહ્યું કે "ભાજપે પોતાની ગેરકાયદેસર શક્તિ બતાવવાનું પ્રતીક બુલડોઝર બનાવ્યું છે. મુસ્લિમો અને અન્ય લઘુમતી, પછાત અને દલિતો તેમના નિશાના પર છે. હવે હિન્દુઓ પણ તેમના ઉન્માદનો શિકાર બની રહ્યા છે. ભાજપ ખરેખર આ બુલડોઝર ચલાવી રહી છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No. 0089**

પ્રવિણા અવિનાશ.
વિષય પડછાયો
પદ્ય
મારો હતો
મારી સંગે સદા કોઈ  હોય
તે મારો પડછાયો
જયાં હું જાંઉ સાથ નિભાવે તે મારો પડછાયો
પ્રભુતામાં પગલા પાડ્યા બની સાથીનો પડછાયો
અધવચે રિસાયો તેડું આવ્યું સદા સાથ છોડ્યો
તું કદી લાંબો હોય કે ટૂંકો
તે મારો પડછાયો
દિલના ભાવ કદી વાંચી ન શકે તે મારો પડછાયો
મારા ભાવ સાથે ન લેવા કે દેવા તે મારો પડછાયો
હરખ શોક ન સ્પર્શે તેને
તે મારો પડછાયો
જીવનની યાત્રામાં  કદમ મિલાવે તે મારો પડછાયો
ઠેસ વાગે તયારે હાથ ઝાલે
તે મારો પડછાયો
પડું આખડું છાતી સરસો ચાંપે તે મારો પડછાયો
જીવનથી અંત સુધી નાતો
તે મારો પડછાયો
પ્રવિણા અમેરિકા..હ્યુસ્ટન

---

**NOG SS NO 73**

વિષય. પડછાયો
પ્રકાર.ગદ્ય
શીર્ષક..પડછાયો.
માઈક્રોફિક્શન

જિંદગી ના પચાસ વર્ષ જેની સાથે કાઢ્યા એ શાંતાબા ધીરજલાલ ના ચશ્માં શોધે છે ને બબડે છે ક્યાં મૂકી દે છે કશું યાદજ નથી રાખતા!ને ધીરજલાલ કહે છે હવે  આપણે બે જણે જ એક બીજાનું  ધ્યાન રાખવાનું છે,આપણા પંખી તો ક્યારનાય ઉડી ગયા પણ માળો હજી ખાલી નથી થયો,એમને જણનાર તો હજી અહીંજ છે,એમનો પડછાયો બની રહેશે જીવશે ત્યાં સુધી..

નયના પટેલ..વડોદરા...૨૦.૪.૨૨

---

**N.O G SS NO.  0026**

વિષય- પડછાયો.
વિભાગ-પદ્ય ( ગઝલ)
શીર્ષક-રોજ ચર્ચાયો હતો..
રમલ છંદ. ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા.
હું નથી બસ એકલો, જાણીને મલકાયો હતો.
ચાલતો સંગાથ મારી એક પડછાયો હતો.
આંસુના દરિયા નજરનાં શુષ્ક રણ જેવાં થયાં,
સાવ ખાલીખમ છતાં હું કેવો છલકાયો હતો!
જિંદગી ઘેરે  અડાબીડ કંટકોની વાડ સમ,
રાહ જોઈને સુંવાળી, સ્હેજ ભરમાયો હતો.
કદ સદાયે વામણું મારી જ હસ્તીનું રહ્યું,
પ્રેમમાં તારા પડીને રોજ ચર્ચાયો હતો!
જાત મૂકી ગીરવે ને ટુકડે ટુકડે તૂટતો,
સૌની ઈચ્છા પૂરી કરવા રોજ ખર્ચાયો હતો.
અંજના ગાંધી "મૌનુ"
વડોદરા

---

**NOG SS NO 0037**

વિષય - પડછાયો.
વિભાગ - પદ્ય.
શીર્ષક - પ્રભુ મારી સંગાથ.
રચના -
જન્મથી મૃત્યું સુધીનો  અદ્રશ્ય સાથી.
સ્નેહી, સુખ દુઃખનો  સાચો સંગાથી.
સ્વની ઓળખ, સ્વનું દર્પણ.
પગની પાંખે દોડે સજોડે.
કહે પડછાયો મુજને,
"નથી તું એકલો,
એકડો છો, અનંત સુધી વિસ્તરી શકે,
તુજમાં સામર્થ્ય અપાર, નિજને જાણ."
કહે પડછાયો "તારી સુષુપ્ત શક્તિઓને,
જગાડ, સાથે તારી હર ક્ષણ છું.
હે, માનવ તુજમાં પ્રભુનો વાસ,
પડકારો ઝીલી શકે તું સઘળાં.
પ્રભુ  તારી જોડે પડછાયા સ્વરૂપે
હું " પડછાયો " તારો,
પથદર્શક તારું  હે માનવ,
કર્મ તારા, સાક્ષી હું માનવ.
હેમલતા દિવેચા " હેમ "
જૂનાગઢ.

---

**NOG SS No: 0092**

પ્રકારઃ- પદ્ય
શિર્ષકઃ- પડછાંયો
મારી નાની હથેળીને,
સતત એ ઝાલતા રહયાં,
મારા પિતા પડછાંયો બની,
સદાય સાથે ચાલતા રહયાં.
પડતી, આખડતી ને વિખરાતી હું જ્યારે,
બની આધાર મજબૂતી આપતા રહયાં.
સંજોગો સામે લેવા ટક્કર,
હિંમત ને સાહસ વધારતા રહયાં.
કરાવી મારી સુષુપ્ત શક્તિઓનું ભાન,
આગળ ધપવાની પ્રેરણા દેતા રહયાં.
ઘેરી વળે નિરાશા ક્યારેક તો,
આશાનું કિરણ બનતા રહયાં.
ભીતિ, ભરમ ને ભાગેડુવૃત્તિને,
સદા મારાથી અળગા કરતા રહયાં.
છે સત્યના વિકટ રસ્તે જ વિજય,
સદા એ સમજાવતા ને ખુદ એ રીતે જીવતા રહયાં.
દુનિયાદારીને વહેવાર બખૂબીથી,
શિખવાડતા ને સમજાવતા રહયાં.
'સદાય અંતરનો સુણજે પોકાર' ,
એ જીવનમંત્ર રટાવતા ગયા.
ના કોઈથી તું જરાય ડરજે,
ના બીક તારી કોઈના મનમાં ઉપજાવજે.
જગત નિયંતાએ બતાવેલ રસ્તે,
ચાલવાનો જ મરમ સમજાવતા ગયા.
બધા પડછાંયા અંધકારમાં સાથ છોડે છે,
કદીક ટૂંકા, કદીક લાંબા બની શ્રદ્ધાને તોલે છે.
અવિરત તડકા છાંયામાં બસ એ જ નિશ્ચલ રહયાં,
મારા પિતા પડછાંયો બની સદાય સાથે ચાલતા રહયાં.
અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર...૨૧/૦૪/૨૨.

---

**NOG: NOG SS 0063**

વિષય - પડછાયો
પ્રકાર - ગદ્ય( માઈક્રોફિક્શન)
શીર્ષક - 'સુમી'

દેશનાં એક છેડેથી અહીં બીજાં છેડેય!

પોળના નાકે બેસતાં શાકવાળાના છોકરાને અહીં આ પાંચ હજાર કિલોમીટર દૂર બેંકમાં સામે ભટકાઈ જતાં જોઈ, સુચીનું હૈયું બે ધબકારા ચુકી ગયું.

એને થયું, 'આટલે આઘે પણ!
એ પોળ, એ ઘટના,એ લોકો... શું મારો પીછો છોડશે જ નહીં?
હવે આ જો અહીં મારાં નામનો ઢંઢેરો પીટશે તો?'

સુમી ફફડી ઊઠી.

'વળી, આ જગ્યા, આ નોકરી..'
'કેટલું ભાગીશ?
ક્યાં ભગીશ?

સુમી, સૂરજની બદલાતી દિશા તારો પડછાયો નાનો મોટો કરશે પણ, સાવ ઓગાળી નાખે એવી વ્યર્થ આશા રાખી કેટલેક અને ક્યાં સુધી ભાગીશ?

પરીસ્થિતિનો સામનો કર..
લડ..

અને  જીવનની એ ઘડીનુ નિર્માણ કર કે, તારો સૂરજ હંમેશાં મધ્યાહ્ને રહે..તારો વાંક ત્યારે પણ નહોતો, આજે પ..ણ નથી..દિલમાં ઘર કરી ગયેલાં એ  ડરને મૂળસોતો ઉખાડી, ફેંક...'

સુમીનાં મને આજે પહેલીવાર હદય વિરુદ્ધ બળવો પોકાર્યો.

?? - રીટા ભાયાણી.

---

***NOG SS NO:0112**

*વિષયઃ પડછાયો*
*પ્રકારઃપદ્ય*
*શીર્ષકઃ પડછાયો
જીવનમાં આવે તડકો છાંયો, છતા સાથ ન છોડે એ પડછાયો,
નજીકના લોકો પણ દૂર ભાગે, સાથ ન છોડે એક પડછાયો.
ક્યારેક આગળ ક્યારેક પાછળ, ડગલે ડગલે પડછાયો,
ક્યારેક વિરાટ, ક્યારેક વામન, દેખાય સૌને પડછાયો.
વાદળ છાંયા વાતાવરણમાં, ગાયબ થાય પડછાયો,
મળતા થોડો જ  પ્રકાશ ડોકીયુ કરી જાય પડછાયો.
જીવન જીવવુ રહ્યુ બની સદાય  એકબીજાનો સહિયારો,
જેમ ચાલે આપણી સાથે કાયમ,  આપણા સૌનો પડછાયો
રાજેશભાઈ વ્યાસ " રાજ "
ધ્રુવનગર,,, મોરબી
૨૧/૪/૨૦૨૨

---

બ્રિઓ હાઇડ્રોપોનિક્સ ઉપજ અને પાકની ગુણવત્તા વધારવા માટે, ભારતીય ખેડૂતો માટે,

## ઇઝરાયેલથી તેના પ્રકારની પ્રથમ પેટન્ટેડ સોલારિગરિંઇન પ્રોટેક્શન ટેક્નોલોજી ભારતમાં લાવી છે

'બ્રિઓ હાઇડ્રોપોનિક્સ ઉપજ અને પાકની ગુણવત્તા વધારવા માટે, ભારતીય ખેડૂતો માટે, ઇઝરાયેલથી તેના પ્રકારની પ્રથમ પેટન્ટેડ સોલારિગ રેઇન પ્રોટેક્શન ટેક્નોલોજી ભારતમાં લાવી છે.'

આઈ પી સી સી ના એક અહેવાલમાં આગાહી કરવામાં આવી છે કે આગામી વર્ષોમાં ભારતીય ઉપખંડમાં વધુ ગરમી, દુષ્કાળ તેમજ ભારે વરસાદની ઘટનાઓ જોવા મળી શકે છે. ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સાતત્યપૂર્ણ અને અવ્યવસ્થિત ખેતી સુનિશ્ચિત કરવા માટે નવી યુગની ખેતીની તકનીકોને અપનાવવાની મોટી જરૂરિયાત છે.

વર્ષ ૨૦૧૭ના આર્થિક સર્વે અનુસાર - ભારે હવામાન પરિસ્થિતિઓને કારણે ભારતને વાર્ષિક ૯-૧૦ બિલિયન ડોલરનું નુકસાન થયું હતું  એગ્રીટેકમાં અગ્રણી સ્થાન મેળવનાર બ્રિઓ હાઇડ્રોપોનિક્સનો ઉદ્દેશ આ અંતરને દૂર કરવાનો અને પરંપરાગત ખેતીના પડકારોને સંબોધવાનો છે. તેની પેટન્ટેડ રેઈન પ્રોટેક્શન ટેક્નોલોજી ખેતરોને પ્રતિકૂળ હવામાનના નુકશાનથી રક્ષણ આપે છે, પરંતુ રેઇન હાર્વેસ્ટિંગ સિસ્ટમ દ્વારા પાણીના સંરક્ષણમાં પણ મદદ કરે છે, જ્યારે આખા વર્ષ દરમિયાન ખેતરોમાં પાણીનો સતત પુરવઠો સુનિશ્ચિત કરે છે.

The release highlights:

પેટન્ટેડ સોલારુઇંગ રિંઈન પ્રોટેક્શન ટેક્નોલોજી ભારતમાં પ્રથમ વખત બ્રાયો હાઈડ્રોપોનિક્સ દ્વારા રજૂ કરવામાં આવી છે.

ખેડૂતોને પ્રતિકૂળ આબોહવાની પરિસ્થિતિઓને કારણે પાકની નિષ્ફળતા અટકાવવા, ન્યૂનતમ રોકાણ સાથે ઉત્પાદન વધારવા માટે સક્ષમ બનાવશે

"સંરક્ષિત ખેતીમાં ગેમ-ચેન્જર× તરીકે ભાગ ભજવશે.

વરસાદ દરમિયાન છોડ પરના નેટહાઉસમાં રીટ્રેક્ટેબલ રેઈન પ્રોટેક્શન લેયર લગાવીને અને જ્યારે વરસાદ ન હોય ત્યારે તેને દૂર કરીને કામ કરે છે

Please find below and attached, the d[a]ailed Press Release along with related pictures.

Request you to kindly carry this in your esteemed publication.

Please l[a] me know if we can help with any additional queries. Looking forward to hearing from you.

પેટન્ટેડ સોલારુઇંગ રિંઈન પ્રોટેક્શન ટેક્નોલોજી ભારતમાં પ્રથમ વખત બ્રાયો હાઈડ્રોપોનિક્સ દ્વારા રજૂ કરવામાં આવી છે.

ખેડૂતોને પ્રતિકૂળ આબોહવાની પરિસ્થિતિઓને કારણે પાકની નિષ્ફળતા અટકાવવા, ન્યૂનતમ રોકાણ સાથે ઉત્પાદન વધારવા માટે સક્ષમ બનાવશે

×સંરક્ષિત ખેતીમાં ગેમ-ચેન્જર× તરીકે ભાગ ભજવશે.

વરસાદ દરમિયાન છોડ પરના નેટહાઉસમાં રીટ્રેક્ટેબલ રેઈન પ્રોટેક્શન લેયર લગાવીને અને જ્યારે વરસાદ ન હોય ત્યારે તેને દૂર કરીને કામ કરે છે

અમદવાદ ૨૦ એપ્રિલ ૨૦૨૨ :એગ્રીટેક સ્ટાર્ટઅપ બ્રિઓ હાઇડ્રોપોનિક્સ એ ભારતીય ખેતી ક્ષેત્રના આબોહવા પડકારને પહોંચી વળવાના પ્રયાસરૂપે પી આઈ સી - પ્લાસ્ટ લિમિટેડ, ઇઝરાયેલના સહયોગમાં ભારતનું પ્રથમ ૩-સ્તર, રિટ્રેક્ટેબલ, પેટન્ટ રેઇન પ્રોટેક્શન ટેક્નોલોજી નેટહાઉસ રજૂ કરી છે.

આઈ પી સી સી ના એક અહેવાલમાં આગાહી કરવામાં આવી છે કે આગામી વર્ષોમાં ભારતીય ઉપખંડમાં વધુ ગરમી, દુષ્કાળ તેમજ ભારે વરસાદની ઘટનાઓ જોવા મળી શકે છે. ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સાતત્યપૂર્ણ અને અવ્યવસ્થિત ખેતી સુનિશ્ચિત કરવા માટે નવી યુગની ખેતીની તકનીકોને અપનાવવાની મોટી જરૂરિયાત છે. વર્ષ ૨૦૧૭ ના આર્થિક સર્વે અનુસાર - ભારે હવામાન પરિસ્થિતિઓને કારણે ભારતને વાર્ષિક ૯-૧૦ બિલિયન ડોલરનું નુકસાન થયું હતું એગ્રીટેકમાં અગ્રણી સ્થાન મેળવનાર બ્રિઓ હાઇડ્રોપોનિક્સનો ઉદ્દેશ આ અંતરને દૂર કરવાનો અને પરંપરાગત ખેતીના પડકારોને સંબોધવાનો છે. તેની પેટન્ટેડ રેઈન પ્રોટેક્શન ટેક્નોલોજી ખેતરોને પ્રતિકૂળ હવામાનના નુકશાનથી રક્ષણ આપે છે, પરંતુ રેઇન હાર્વેસ્ટિંગ સિસ્ટમ દ્વારા પાણીના સંરક્ષણમાં પણ મદદ કરે છે.

---

# મરોલી ખાતે ધારાસભ્યશ્રી આર.સી.પટેલના અધ્યક્ષસ્થાને આરોગ્ય મેળો યોજાયો



નવસારીઃ ગુરુવારઃ આરોગ્યલક્ષી યોજનાઓની ગ્રામ્ય વિસ્તારના લોકો સુધી પહોંચે તે માટે રાજય સરકારશ્રી દ્વારા આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

જલાલપોર તાલુકાના મરોલી કોળી સમાજની વાડી ખાતે ધારાસભ્યશ્રી આર.સી.પટેલે આરોગ્યમેળાનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી આર.સી.પટેલે જણાવ્યું હતું કે, રાજય અને કેન્દ્ર સરકારની આરોગ્યલક્ષી યોજનાઓ ગામેગામ લોકોને જાણકારી મળી રહે તે શુભ આશયથી આરોગ્ય મેળાઓ યોજવામાં આવે છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્યલક્ષી સેવાઓ નિષ્ણાંત તબીબો દ્વારા ઘરઆંગણે આપવામાં આવે છે. તેમજ આરોગ્યને લગતી વિવિધ જાણકારી આરોગ્ય મેળામાં મળી રહે છે જેનો ગ્રામજનોને લાભ લેવા અનુરોધ કર્યો હતો.

ધારાસભ્યશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આયુષ્યમાન ભારત યોજનાનું કાર્ડ જે કોઇનું બાકી હોઇ તેઓએ તાત્કાલિક કઢાવી લેવા અપીલ કરી હતી. ગંભીર બીમારી સામે રક્ષણ મેળવવા આયુષ્યમાન ભારત યોજનાનું કાર્ડ ખૂબ જ જરૂરી છે. જેનાથી પાંચ લાખ સુધીનો આર્થિક સહાયનો લાભ મળશે.

કાર્યક્મના પ્રારંભમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાવસારે મહેમાનોને આવકારી રાજય સરકારશ્રીની આરોગ્યલક્ષી વિવિધ યોજનાઓની જાણકારી આપી હતી.

આ અવસરે ધારાસભ્યશ્રી તથા અન્ય મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને વિવિધ યોજનાકીય લાભો પણ એનાયત કરાયા હતા. કાર્યક્રમના સ્થળે જિલ્લાના જુદા જુદા વિભાગ દ્વારા પ્રદર્શન સ્ટોલ્સ ઉભા કરી પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.

પ્રસંગે જલાલપોર તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી રોશનીબેન પટેલ, પ્રાંત અધિકારી શ્રી રાજેશ બોરડ, ડો.સુજીત પરમાર, તાલુકા/જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ, આરોગ્ય વિભાગના કર્મીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયાં હતાં.

---

# ભારતીય તટરક્ષક દળ દ્વારા સ્વચ્છ સમુદ્ર માટે મુખ્ય 'NATPOLREX-VIII' કવાયત હાથ ધરવામાં આવી

અમદાવાદ
ગુરુવાર,

ગોવાના મોર્મુગાવ હાર્બર ખાતે બે દિવસીય રાષ્ટ્રીય સ્તર પ્રદૂષણ પ્રતિભાવ કવાયત 'NATPOLREX-Vlll'નું આયોજન કરવામાં આવ્યું હતું જેનું ઉદ્ઘાટન ૧૯ એપ્રિલ ૨૦૨૨ના રોજ ભારત સરકારના સંરક્ષણ સચિવ, ડૉ. અજય કુમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના બીજા દિવસે, ભારતીય તટરક્ષક દળના મહાનિદેશક DG વી.એસ. પઠાનિયા, PTM, TM કે જેઓ રાષ્ટ્રીય ઓઇલ સ્પિલ આપત્તિ આકસ્મિકતા પ્લાનના (NOSDCP) ચેરમેન અને ભારતીય જળસીમામાં સમુદ્રી પ્રદૂષણ માટે સક્ષમ રાષ્ટ્રીય સત્તાધિકારી છે, તેમણે ઓઇલ હેન્ડલિંગ એજન્સીઓ (OHA) અને ઓઇલ સ્પિલ પ્રતિભાવ સંગઠનોની તૈયારીઓ અને સજ્જતાની સમીક્ષા કરી હતી. ભારતીય તટરક્ષક દળ દ્વારા



મધ્યસ્થ સંયોજક એજન્સી તરીકે સમુદ્રમાં વિવિધ કવાયતોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં, હેલી સ્કીમર, સમુદ્રી બોટ દ્વારા હાઇસ્પીડ ડેમો, Fi-Fi સિસ્ટમનો ઉપયોગ કરીને ફાયર ફાઇટિંગ ડેમો, લાઇફ રાફ્ટ પર ડિસએમ્બાર્કેશન ડેમો, નેઇલ રોબર્ટસન દ્વારા મેડિકલ બચાવ, તટરક્ષક દળના હેલિકોપ્ટર ચેતક દ્વારા વિન્ચિંગ ઓપરેશન, જેસન ક્રેડેલ દ્વારા બચાવ ઓપરેશન, તટરક્ષક દળ (CG) ડોર્નિઅર અને C130J હર્ક્યુલસ દ્વારા લાઇફ રાફ્ટ ડ્રોપ, CG એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર (ALH) MK-૩ દ્વારા સર્ચ એન્ડ રેસ્ક્યૂ (SAR) બાસ્કેટ ડેમો, ઇન્ટરસેપ્ટર બોટ દ્વારા ચલાવવામાં આવતું હાઇસ્પીડ નિરીક્ષણ, CG ઓફશોર પેટ્રોલ વેસલ દ્વારા નિયંત્રણ અને રિકવરી ડેમો, ONGC ટગ્સ દ્વારા નિયંત્રણ અને રિકવરી ડેમો, સાઇડ સ્વિપિંગ આર્મ્સ ડેમો અને સ્પિલ સ્પ્રે આર્મ્સ ડેમો, ભૂમિ અને હવાઇ અસ્કયામતો દ્વારા ઓઇલ સ્પિલ ડિસ્પર્સન્ટ  સ્પ્રે ડેમો અને પ્રદૂષન નિયંત્રણ બોર્ડ તેમજ ICG જહાજ સંકલ્પ દ્વારા રિકવરી ડેમો (ઇન્ફ્લેમેબલ બાર્જ) વગેરે સામેલ છે.

કુલ યુનિટ્સમાં ભારતીય તટરક્ષક દળના ૧૨ જહાજ, બાંગ્લાદેશ તટરક્ષક દળનું ૦૧ જહાજ 'કમારુઝમ્માન', શ્રીલંકા તટરક્ષક દળનું ૦૧ જહાજ 'સુરક્ષા', એક્સ-MPT 02 ટગ્સ, ONGCના ૦૨ ઓફશોર સપ્લાય વેસલ (OSV) અને ૦૧ જીઝન્ટેક્ર સામેલ હતા. સ્પ્રે નોડ્સ સાથે ડોર્નિઅર, TC3 બકેટ સ્પ્રે સિસ્ટમ સાથu ALH MK-૩, ચેતક અને ભારતીય વાયુસેનાનું C130J હર્ક્યુલસ પણ સામેલ રહ્યા હતા. આ કવાયત એવા સમયે કરવામાં આવી છે જયારે સરકારની પહેલના કારણે સમુદ્રી વેપારમાં વધારો થયો છે. તેના પરિણામે, આપણા બંદરો પર વધુને વધુ જહાજોમાં ઓઇલ અને ઊઁદ્રજીનું સંચાલન કરવામાં આવી રહ્યું છે જેથી વધારે માંગને પૂરી કરી શકાય.

'NATPOLREX-VIII' એ યોગ્ય દિશામાં લેવામાં આવેલું એક પ્રાદેશિક પગલું છે અને સમુદ્રી સ્પિલ્સ સામે લડવામાં તમામ હિતધારકોની સજ્જતા અને પ્રતિભાવ ક્ષમતામાં વધારો કરે છે. 'NATPOLREX-VIII' દ્વારા, ભારતીય તટરક્ષક દળે ફરી એકવાર આપણી ભાવિ પેઢીઓ માટે સમુદ્રી જીવસૃષ્ટિના સંરક્ષણ અને જાળવણી માટે પોતાને સમર્પિત કર્યા છે. DGICG એ તમામ આંતરરાષ્ટ્રીય નિરીક્ષકો, રાષ્ટ્રીય હિતધારકો અને સહભાગીઓએ સમુદ્રી પ્રદૂષણ પ્રતિભાવમાં સહકારને વધારે મજબૂત કરવા માટે વેગ આપવા માટે રચનાત્મક ચર્ચા તેમજ મહામારી અને મુસાફરી પ્રતિબંધોના પડકારો વચ્ચે પણ તેઓ ઉપસ્થિત રહ્યા તે બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. અહીં ઉલ્લેખનીય છે કે, આ પ્રસંગે વિવિધ એજન્સીઓના કુલ ૫૦ રાષ્ટ્રીય સહભાગીઓ અને ૩૦ આંતરરાષ્ટ્રીય નિરીક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## યુ.કે.ના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સનને મહંત શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામીએ પાઘડી પહેરાવી સન્માનિત કર્યા



શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરના મહંત સદ્‌ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામીએ પ્રખ્યાત પાઘડી પહેરાવી. યુકેના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સનને સન્માનિત કર્યા હતા. વિશ્વપ્રસિદ્ધ શ્રી મુક્તજીવન સ્વામીબાપા પાઈપ બેન્ડે પણ સુમધુર સૂરાવલી રેલાવી હતી.

મહંત સદ્‌ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી.

## યુ.કે.ના વડાપ્રધાન બોરિસજોન્સનેઅમદાવાદમાંઆવેલા વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક ગાંધી આશ્રમની મુલાકાત લીધી



યુ.કે.ના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સન ૨૧ એપ્રિલથી ભારતના પ્રવાસે છે. ભારત પ્રવાસની શરૂઆત શ્રી બોરિસ જોન્સને ગુજરાતથી કરી છે. ગુજરાતની મુલાકાતે આવેલા યુ.કે.ના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સને અમદાવાદમાં આવેલા વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. ગાંધી આશ્રમની સમગ્ર મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ તેમની સાથે જોડાયા હતા.

શ્રી બોરિસ જોન્સન હૃદયકુંજમાં ગાંધીજીની પાવનભુમિમાં આવીને ગાંધી વિચારોથી પ્રભાવિત થયા હતા. તેમણે ગાંધીજીની પ્રતિમાને પુષ્પ અર્પણ કર્યા હતા.હૃદયકુંજના વિવિધ ખંડો નિહાળી તેઓએ ગાંધીજીને પ્રિય એવા ચરખા પર કાંતણ કર્યું હતું અને ગાંધી આશ્રમ ખાતે આવેલી અમદાવાદ ગેલેરીની પણ મુલાકાત લીધી હતી.

યુ.કે.ના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સને ઐતિહાસિક ગાંધી આશ્રમમાં આવેલી મીરા કુટીરની પણ મુલાકાત લીધી હતી. બ્રિટિશ લેડી મેડલીન સ્લેડ જેઓ બ્રિટિશ નાગરિક હતા.

તેઓ ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થઈને ગાંધી આશ્રમ આવ્યા હતા અને તેઓ જે કુટિરમાં રહેતા હતા એ કુટીરનું નામ મીરા કુટીર રાખવમાં આવ્યું છે.

વિઝિટર્સ બુકમાં પોતાનો ભાવ વ્યક્ત કરતા યુ.કે.ના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સને લખ્યું કે, 'મારી ગાંધી આશ્રમની મુલાકાત અવર્ણનીય છે. અને ગાંધી આશ્રમમાં આવવાનો મારો અનુભવ પણ ખૂબ જ સારો રહ્યો. સત્ય અને અહિંસાથી દુનિયા કેવી રીતે બદલી તેનું ઉદાહરણ સમગ્ર વિશ્વને ગાંધીજીએ પૂરું પાડ્યું છે...'

આ અવસરે ગાંધી આશ્રમ તરફથી 'ગાઈડ ટુ લંડન' અને 'ઓટોબાયોગ્રાફી ઓફ મીરાબેન' એમ બે પુસ્તકો શ્રી જોન્સનને ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

આ વેળાએ મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે.કૈલાસનાથન, અમદાવાદ જિલ્લા કલેકટર સંદીપ સાગલે, સાબરમતી આશ્રમના ટ્રસ્ટી શ્રી કાર્તિકેય સારાભાઈ, ટ્રસ્ટી શ્રી અમૃતભાઈ મોદી, સાબરમતી આશ્રમના ડિરેક્ટર શ્રી અતુલ પંડ્યા, ચીફ પ્રોટકોલ ઓફિસર જવલંત ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

## ડાંગ જિલ્લાના વડા મથક આહવા ખાતે ભારતીય જનતા પાર્ટી ની સમીક્ષા બેઠક યોજાઈ

તા,: ૨૧/૪/૨૦૨૨



ડાંગ જિલ્લાના વડા મથક આહવા ખાતે ભારતીય જનતા પાર્ટી ની સમીક્ષા બેઠક સંગઠન પ્રભારી સીતાબેન નાયક,પ્રભારી પ્રફુલ્લભાઈ પાનસેરિયા ,સંગઠન પ્રમુખ દશરથભાઈ પવાર,અને ધારાસભ્ય વિજયભાઈ પટેલની અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત રાજયના યશસ્વી પ્રદેશ પ્રમુખ શ્રી સીઆર પાટિલજીની આગામી દિવસોમાં આહવા ખાતે યોજાનાર વન ડે વન ડિસ્ટ્રીક વિઝીટ અંગે જિલ્લા સંગઠન,હોદ્દેદારો ,વિવિધ મોરચા,ચૂંટાયેલા તાલુકા,જિલ્લાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં વિવિધ વિભાગોની જવાબદારી અંગે સમીક્ષા કરવામાં આવી હતી. પ્રદેશ પ્રમુખ શ્રી સી આર પાટીલ જીની યોજાનાર બેઠકની વ્યૂહરચના માટે સૌ કાર્યકરો પાસે સૂચનો અંગે ગહન ચિંતન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં આહવા તાલુકા પંચાયત પ્રમુખ કમળાબેન રાઉત,વઘઈ તાલુકા પ્રમુખ સંકુન્તલાબેન પવાર,સુબિર તાલુકા પંચાયતના પ્રમુખ બુધુભાઈ કામડી,ઉપ પ્રમુખ બળવંત દેશમુખ,સંગઠન મહામંત્રીઓ હરીરામ સાવંત,કિશોરભાઈ ગાંવીત,મહિલા મોરચાના પ્રમુખ સુમનબેન દળવી,ઊર્મિલાબેન ખૈરાડ,ત્રણેય તાલુકાના પ્રભારીઓ ધર્મેશભાઈ પટેલ, દિનેશભાઈ ભોયે, શંકરભાઈ પવાર,સંજયભાઈ પાટીલ, આઈટી સેલના ગીરીશભાઈ મોદી,આહવા મંડળ પ્રમુખ સંજયભાઈ વહેવારે,મહામંત્રી સતિષભાઈ સૈદાને,પ્રદેશ આદિજાતિ મંત્રી સુભાષભાઈ ગાઈન,યુવા પ્રમુખ પંકજ દળવી,જીગરભાઈ પટેલ,યુવા પ્રભારી હીરાભાઈ રાઉત,સારુબેન વળવી,કાર્યાલય મંત્રી મેરિષભાઈ પવાર,અનુસૂચિત મોરચાના પ્રવીણભાઈ આહિરે,આઝાદ બઘેલ,લઘુમતી સેલના મહેદ્રભાઈ માસ્તર,જિલ્લા પંચાયત સદસ્ય હરીશભાઈ બાસ્છવ, સહિત વિવિધ મોરચાના પ્રમુખ ,મંત્રીઓ ,કાર્યકર્તાઓ હાજર રહી બેઠકને સફળ બનાવી હતી.

(ડાંગ જિલ્લા બ્યુરો સમાચાર)

# અમદાવાદ જિલ્લાના ધંધુકા અને ધોળકા ખાતે "આરોગ્ય મેળો" યોજાયો

ધોળકા,




આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે રાજયના તમામ તાલુકા મથકોએ તા. ૧૮ થી ૨૨ એપ્રિલ દરમ્યાન દરેક તાલુકાઓને આવરી લેતા રાજયવ્યાપી આરોગ્ય મેળાઓનું વિશિષ્ઠ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લામા આજરોજ ધંધુકા અને ધોળકા ખાતે આરોગ્ય મેળો યોજાયો હતો.

આ આરોગ્ય મેળાના માધ્યમથી કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના જન આરોગ્યલક્ષી જુદા-જુદા કાર્યક્રમો અને યોજનાઓ થકી લોકોને માહિતગાર કરવામાં આવશે. આરોગ્ય મેળામાં લોકોને એક જ સ્થળેથી આરોગ્ય સેવાઓ અને જુદી-જુદી આરોગ્યલક્ષી યોજનાઓના લાભ આપવામાં આવશે. આયુષ્માન ભારત ડિજિટલ હેલ્થ મિશન હેઠળ યુનિક આઈ-ડી કાર્ડ બનાવવામાં મદદ મળશે. ટી.બી.નિર્મૂલન કાર્યક્રમને સફળ બનાવવા માટે સઘન પ્રયાસો હાથ ધરાશે. જરૂરિયાતમંદ અને પાત્રતા ધરાવતાં લાભાર્થીઓને આયુષ્માન ભારત કાર્ડની સુવિધા આપવામાં આવશે.પ્રાથમિક આરોગ્ય સંભાળ અને આરોગ્ય સેવાઓ થકી ઝડપી નિદાન દવાઓ, ટેલિકન્સલ્ટેશન જેવી પ્રવૃત્તિઓ દ્વારા સ્ક્રિનિંગ સુવિધા આપવામાં આવશે.ચેપી તથા બિન-ચેપી રોગોના નિયંત્રણ માટે જરૂરી પગલાં લેવા અંગે પણ લોકોને શિક્ષિત કરવામાં આવશે.

આરોગ્ય મેળામાં બંને તાલુકાના કુલ મળીને ૧૪૬૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો જેમાં ધંધુકા તાલુકાના સામુહિક આરોગ્ય કે ન્દ્ર ખાતે યોજાયેલા આરોગ્ય મેળામાઁ સ્લ્તછરૂ કાર્ડ-૧૫૨, હેલ્થ આઈ ડી કાર્ડ-૧૫૩, છદ્બઝ- ૧૦૯, નિરામય કાર્ડ- ૨૨૫ કાર્ડ આપવામાં આવ્યા હતા તથા ૩૫ કિશોરીઓનું હિમોગ્લોબિન ચેક કરવામાં આવ્યું હતું. ધોળકા ખાતે યોજાયેલા આરોગ્ય મેળામાં ૩૨ રક્તદાતાઓએ સ્વૈચ્છીક રક્તદાન કર્યુ હતુ. તમામ રક્તદાતાઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આરોગ્ય મેળામાં બ્લડપ્રેશર ડાયાબિટીસ સ્ક્રિનિંગ, મોતિયા સહિત આંખની તપાસ, હેલ્થ આઈડી, ટેલીકન્સલ્ટિંગ, પીએમજય કાર્ડ, જનરલ ઓપીડી, આયુષ ઓપીડી, પ્રિકોશન ડોઝ કોવિડ વેક્સિનેશન, લેબોરેટરી તપાસ, નિઃશુલ્ક દવા વિતરણ, આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓનું આઇઇસી પ્રદર્શન, વાહક જન્ય રોગ નિયંત્રણ માટે ફોગીંગ મશીન, નેપસેક પંપ, ફોગર મશીન, અબેટ, પોરા નિદર્શન, ડાયફ્લુબેન્ઝ્યુરોન સહિતના દવા સાધનોનું નિદર્શન-માહિતી, આઇસીડીએસ વિભાગનું આઇઇસી પ્રદર્શન તથા ફુડ સેફટી વિભાગ દ્વારા ડેમોસ્ટ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. લાભાર્થીઓને નિદાન સારવાર ઉપરાંત સ્વસ્થ્ય જીવનશૈલી અપનાવવા માટેની મહત્વની જાણકારી પણ આપવામાં આવી હતી. આ મેળામાં અલગ અલગ આરોગ્યલક્ષી માહિતી પૂરી પાડતા સ્ટોલ ગોઠવીને વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. તેમજ આયુષ્યમાન ભારત કાર્ડ સ્થળ પર કાઢી આપવામાં આવ્યા હતા.

આ અવસરે તાલુકા હેલ્થ ઓફિસર સહિત મોટી સંખ્યામાં આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ધોળકા ખાતે ૭૩૯ અને ધંધુકામાં ૫૨૭ જેટલા લાભાર્થીઓએ વિવિધ તબીબી સેવાઓનો લાભ લીધો

## અમદાવાદ જિલ્લાળમાં બિન સચિવાલય કલાર્કની પરીક્ષા સંદર્ભે કેટલાક પ્રતિબંધ ફરમાવતું અધિક જિલ્લા મેજીસ્ટ્રેચટશ્રી દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરાયુ:

અમદાવાદ,

અમદાવાદ જિલ્લામાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આયોજીત બિન સચિવાલય ક્લાર્ક અને સચિવાલય ઓફિસ આસિસ્ટન્ટ સેવા વર્ગ-૩ ની જગ્યાઓની ભરતી માટેની પરીક્ષા તા.૨૪/૦૪/૨૦૨૨ ના રોજ સવારના ૧૧.૦૦ કલાકથી બપોરના ૦૧.૦૦ કલાક સુધીના જિલ્લાના નિયત કરેલાં પરીક્ષા સ્થળો પર યોજાનાર છે.

સદર પરીક્ષાઓની વિશ્વસનિયતા વધે તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને ન્યાય મળી રહે, પરીક્ષામાં ગેરરીતીઓથી પરીક્ષાર્થીઓને કોઈ અડચણ ન થાય તથા ગેરરીતીઓ અટકાવી શકાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પરીક્ષા કેન્દ્ર સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવાની આવશ્યક્તાને ધ્યાને લઇ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પરિમલ બી.પંડયાએ તેમને મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા ઉક્ત પરીક્ષાઓના સમયગાળા દરમિયાન અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો, ઝેરોક્ષ દુકાનોમાં તેના માલિકો/સંચાલકો જાહેર પરીક્ષાને લગતા કોઈ પણ સાહિત્ય, પ્રશ્નપત્ર, જવાબવહી તથા કાપલીઓની ઝેરોક્ષ નકલ કાઢી શકશે નહીં તથા ઉક્ત પરીક્ષાના સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો, ઝેરોક્ષ દુકાનોના સંચાલકોએ તેઓના ઝેરોક્ષ મશીનો બંધ રાખવા તથા સદરહુ પરીક્ષા કેન્દ્રોની ચતુર્દિશામાં ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી કેટલાંક કૃત્યો કરવા પર મનાઇ હુકમ ફરમાવ્યો છે. આ જાહેરનામાની અમલવારી તા.૨૪/૦૪/૨૦૨૨ના રોજ સવારના ૦૭.૦૦ કલાકથી સાંજના ૧૭.૦૦ કલાક સુધી કરવાની રહેશે.

ઉક્ત જાહેરનામામાં દર્શાવ્યા મુજબ પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં તેમજ કોઈ પણ વ્યક્તિએ કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા / કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહીં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખન કાર્યમાં અડચણ/વિક્ષેપ/ધ્યાન ભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું / કરાવવું નહીં તેમજ લાઉડસ્પીકર વગાડવા નહીં. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ, મોબાઈલ, કેલક્યુલેટર વગેરે જેવી ઈલેક્ટ્રોનિક આઈટમ તથા પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં. જેવા કૃત્યો પ્રતિબંધિત રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. એમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પરિમલ બી.પંડયાએ જણાવ્યું છે.

## જીજ્ઞેશ કે કોંગ્રેસ આવી ફરિયાદથી ડરવાની નથી, અમે લડત આપીશું અને જીજ્ઞેશને છોડાવીશું: જગદીશ ઠાકોર

અમદાવાદ,તા.૨૧

ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીની આસામ પોલીસે મધરાત્રે અટકાયત કરી. પાલનપુરથી જીગ્નેશે મેવાણીની અટકાયત થતા જ મામલો ગરમાયો અને સરકાર સામે નારા લગાવી વિરોધ કરવા સમર્થકો અને કોંગ્રેસ નેતાઓ આવી ગયા હતા. જીગ્નેશે કરેલા ટ્વીટ બાબતે તેની સામે કાર્યવાહી થતા સરકાર પર અનેક આક્ષેપો કરવામાં આવ્યા હતા.જીગ્નેશની કયા કારણોસર અટકાયત કરાઈ છે તેનો પોલીસે જવાબ ન આપ્યો હોવાનો આક્ષેપ કરાયો હતો. ના તો ફરિયાદ અરજીની કોપી અપાઈ કે ના તો કોઈ મૌખિક જવાબ અને તેના લીધે જ જીગ્નેશના સમર્થકોમાં મેસેજ જતા લોકો એરપોર્ટ આવી ગયા અને સરકાર અને પોલીસ સામે સુત્રોચાર કરી વિરોધ કર્યો હતો. બીજી તરફ જીજ્ઞેશની અટકાયતને લઈને રાજકારણ ગરમાયુ છે. એકતરફ જીજ્ઞેશનાં સમર્થકો દ્વારા એરપોર્ટ પર હોબાળો મચાવાયો ત્યાં બીજીતરફ અડધી રાત્રે કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોર સહિત ધારાસભ્યો એરપોર્ટ પર પહોંચ્યા હતા.

## 'વધી રહેલાં રમખાણો કે યોજનાબદ્ધ જેહાદી આક્રમણો ?' આ વિષય પર 'ઓનલાઈન' વિશેષ સંવાદ

**હિંદુઓ પર આક્રમણો કરનારી ટોળીઓના વિરોધમાં લડવા માટે તેમની 'ઇકોસિસ્ટિમ' સમજી લેવી આવશ?યક ! - શ્રી. સુરેશ ચવ્હાણકે, સુદર્શન ન્યૂઝ**



ભારતની મુખ્ય સુરક્ષા યંત્રણા રહેલી રાજધાની દિલ્લીના જહાંગીરપુરીમાં રમખાણો થાય છે, આ લજ્જાસ્પદ છે. આ સર્વ કાંઈ અચાનક થયું નથી, પણ બધું પૂર્વનિયોજિત હતું, એવું હવે ઉજાગર થઈ રહ્યું છે; પણ આવા રમખાણો કાંઈ નવાં નથી, હંમેશાં જ વિવિધ રમખાણોમાં હિંદુઓ પર પથ્થરબાજી અને આક્રમણ કરનારા ધર્માંધ મુસલમાનો હોય છે. આ સમગ્ર જગત્માં ચાલુ છે. આ આક્રમણકારીઓના બચાવ માટે આગેવાની કરનારા ધારાશાસ?ત્રીઓ, કહેવાતા માનવાધિકારવાળાઓ, ઈસ્લામી સંગઠનો અને હિંદુઓની માનહાનિ કરનારા પ્રસારમાધ્યમો, આ ટોળીની 'ઈકોસિસ્ટિમ' હિંદુઓએ સમજી લેવી આવશ્યક છે. તો જ આ ટોળીના વિરોધમાં લડી શકાશે. આ ટોળીનો પરાભવ કરવા માટે હિંદુઓએ પોતાની યંત્રણાઓ સ્થાપિત કરવી આવશ?યક છે. સમગ્ર દેશમાં અનેક રાજયોમાં હિંદુઓનાં મંદિરો, મઠ તોડીપાડ્યા પછી તેના પર ન?યાય આપવા માટે ન્યાયાલય પાસે સમય નથી, પણ અતિક્રમણ કરેલા ધર્માંધોના વિરોધમાંની કાર્યવાહી પર સ?થગિતિ લાવવા માટે ન?યાયાલય અને અહીંની સંપૂર્ણ યંત્રણા તત્પરતા બતાવે છે, આ વાત ધ્યાનમાં લેવી જોઈએ, એવું પ્રતિપાદન 'સુદર્શન ન?યૂઝ'ના મુખ્ય સંપાદક શ્રી. સુરેશ ચવ?હાણકેએ કર્યું. હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત 'વધતાં જતાં રમખાણો કે યોજનાબદ્ધ જેહાદી આક્રમણો ?' આ વિષય પરના 'ઑનલાઈન' વિશેષ સંવાદમાં તેઓ બોલી રહ્યા હતા.'વધી રહેલાં રમખાણો કે યોજનાબદ્ધ જેહાદી આક્રમણો ?' આ વિષય પર 'ઑનલાઈન' વિશેષ સંવાદ

દિલ્લી ઉચ્ચ ન્યાયાલયના ધારાશાસ્ત્રી યુધવીર સિંહ ચૌહાણે કહ્યું કે, દિલ્લી ખાતે હાલમાં જ થયેલાં રમખાણો એ આપણી યંત્રણાનું મોટું અપયશ છે. હવે પછીથી આ પ્રકારના રમખાણો કે આક્રમણો થાય નહીં, એ પ્રકારની કાર્યવાહી અને તપાસ પોલીસ તેમજ સરકારી યંત્રણા દ્વારા થવી જોઈએ. રમખાણો કરાવનારા જે કોઈ અવૈધ રીતે આ દેશમાં રહે છે તેમનાં ઠેકાણો, તેમજ તેમનો આર્થિક સ?ત્રોત શું છે તેના મૂળ સુધી સરકારે પહોંચવું આવશ?યક છે.

હિંદુ જનજાગૃતિ સમિતિના પ્રવક્તા શ્રી. નરેંદ્ર સુર્વેએ કહ્યું કે, હિંદુઓનાં સરઘસો પર આક્રમણ કરનારા બાંગ?લાદેશી અને રોહિંગ્યા મુસલમાનોને દેશબહાર કાઢી મૂકવા આવશ્યક છે. દિલ્લીના રમખાણકારોના બચાવ માટે આગળ આવેલી 'જમીયત ઉલેમા એ હિંદ' જેવી સંગઠનો પર કેંદ્ર સરકારે પ્રતિબંધ મૂકવો જોઈએ. આ સંગઠનો 'હલાલ સર્ટિફિકેટ'ના માધ્યમ દ્વારા પૈસો ભેગો કરી રહ્યા છે. કેવળ હિંદુઓના તહેવારો જ નહીં જ્યારે ખ્રિસ્તીઓના 'ઈસ્ટર' તહેવાર પર પણ સ્પેન અને સ્વીડન ખાતે ખ્રિસ્તી બાંધવોએ કાઢેલા સરઘસ પર ધર્માંધ મુસલમાનોએ પથ્થરબાજી કરીને આક્રમણો કર્યાં. કેવળ ભારતમાં જ નહીં, જ્યારે સમગ્ર જગત્માં જ્યાં જ્યાં મુસલમાનોની સંખ્યા વધી રહી છે, ત્યાં આવા આક્રમણો ચાલુ જ છે. આપણાં પૂર્વજોએ પરકીયોના અનેક આક્રમણો રોકીને તેના વિરોધમાં લડાઈ કરી હતી તે પ્રમાણે હવે આપણે કરવું પડશે.

## વિશ્વ આરોગ્ય સંસ્થાના વડા ડો. ટેડ્રોસએ અમદાવાદ સ્થિત ગાંધી આશ્રમની મુલાકાત લઈ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા

**ગાંધી આશ્રમની મુલાકાતે આવેલા WHO ના ડિરેકટર ઓફ જનરલ**

**ડો. ટેડ્રોસે રેંટિયો કાંત્યો**

વિશ્વ આરોગ્ય સંસ્થાના ડિરેકટર ઓફ જનરલ ડો. ટેડ્રોસ ગુજરાતની મુલાકાતે આવ્યા છે ત્યારે આજે તેઓ અમદાવાદ ખાતે સુપ્રસિદ્ધ ગાંધી આશ્રમની મુલાકાતે પહોંચ્યા હતા જયાં તેઓનું સૂતર ની આંટી પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. ડો. ટેડ્રોસે ગાંધી આશ્રમમાં રેંટિયો કાંત્યો હતો અને ગાંધીજીને યાદ કરી વિઝીટર બુકમાં પોતાનો અનુભવ શેર કર્યો હતો.



આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ડો. મનસુખભાઇ માંડવીયા અને કેન્દ્રીય શિપિંગ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.